**આજનો સુવિચાર**

નામ અને ઓળખાણ ભલે નાની હોય, પણ આપણી પોતાની હોવી જોઈએ

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૧૩ જૂનાગઢ તા.૨૫-૮-૨૦૨૩ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 213, Junagadh : Date : 25 August, 2023, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay


### ચંદ્રયાનનાં લેન્ડીંગ સમયે બાળકનો જન્મ નામ રાખ્યું ચંદ્રયાન

ભુવનેશ્વર, તા. ૨૫ : ૨૩ ઓગસ્ટની સાંજે ૬.૦૪ વાગે ઈસરોનું ચંદ્રયાન ચંદ્રના દક્ષિણ ધ્રુની સપાટી પર લેન્ડ થતા જ દેશમાં હરખની હેલી ઉઠી હતી. ઢોલ વગાડીને, મીઠાઈઓ વહેંચીને સફળતાની ઉજવણી કરી હતી. દરેક ભારતીય પોતાને ગૌરવાન્વિત મહેસુસ કરી રહયો હતોઆ સમયે ઓડિશા રાજ્યના કેન્દ્રપાડા જિલ્લા મથકમાં જન્મેલા શિશુનું નામ ચંદ્રયાન રાખવામાં આવ્યું હતું. ચંદ્રયાનનું સોફટ લેન્ડીંગ થઈ રહયું હતું ત્યારે હોસ્પિટલમાં માતાએ નવજાતને જન્મ આપતા પરીવારના સભ્યોની ખૂશી બમણી થઈ હતી.

### ડાકોરમાં ભગવાનનાં વીઆઈપી દર્શનની સુવિધા : પુરૂષ માટે રૂા. ૫૦૦ : મહિલા માટે રૂા. ૨૫૦

ડાકોર તા. ૨૫

ડાકોરના પ્રખ્યાત રણછોડરાયજીના મંદિરમાં વીઆઈપી દર્શન માટેની સુવિધા ઉભી કરવામાં આવી છે જોકે, આ માટે દર્શનાર્થીઓએ અલગથી ચાર્જ ચૂકવવો પડશે. આજની ભાગદોડવાળી લાઈફમાં ફટાફટ ભીડની આગળ નીકળીને કામ પૂર્ણ કરવા માટે એકસ્ટ્રા ચાર્જ લેવામાં આવતો હોય છે ત્યારે મંદિરમાંપણ વીઆઈપીદર્શનની સુવિધા લોકોને નવાઈ પમાડીરહી છે.

આ સુવિધા અંગે મંદિર દ્વારા પણ ખાસ વાત કરવામાં આવી છે. કમિટી દ્વારા મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે જેમાં વીઆઈપી દર્શન કરવા ઈચ્છતા પુરૂષ અને મહિલા દર્શનાર્થીઓ માટે અલગ-અલગ ચાર્જ નક્કી કરવામાં આવ્યો છે જેમાં પુરુષ દર્શનાર્થીઓ માટે રૂા.૫૦૦ જ્યારે મહિલા દર્શનાર્થીઓ માટે રૂા. ૨૫૦ ચાર્જ નક્કી કરવામાં આવ્યો છે. ડાકોર ટેમ્પલ કમિટી દ્વારા આ મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે. જોકે, આ નિર્ણયને લઈને આગામી સમયમાં દર્શનાર્થીઓની શું પ્રતિક્રિયા છે તે પણ સામે આવશે.

### ભગવાન સાથે પણ દગો.. ચેક આપ્યો રૂા. ૧૦૦ કરોડનો, ખાતામાં હતા માત્ર રૂા.૨૨

વિશાખાપટ્ટનમ તા. ૨૫

દક્ષિણ ભારતના મંદિરોમાં મોટા દાનના કિસ્સા તો સાંભળ્યા જ હશે. પણ અમુક એવા ભક્તો પણ હોય છે જેઓ ભગવાન સાથે જ દગો કરી જતા હોય છે. મંદિરની દાનપેટીમાં એક ભક્તે રૂા.૧૦૦ કરોડનો ચેક નાખી દીધો હતો. જ્યારે મંદિરના મેનેજમેન્ટે આ ચેક કેશ કરાવવા માટે બેંકનો સંપર્ક કર્યો તો તેના એકાઉન્ટમાં ફક્ત ૨૨ જ રૂપિયા નીકળ્યા હતા. તાજેતરની ઘટના વિશાખાપટ્ટનમમાં બની હતી. સિમ્હાચલમ દેવસ્થાનમના અધિકારીઓ ત્યારે અચરજમાં પડી ગયા જ્યારે તેમને બુધવારે હુંડી સંગ્રહની ગણતરી વખતે મંદિરમાં દાન કરાયેલા ૧૦૦ કરોડ રૂપિયાનો ચેક મળ્યો. આ ચેક પર કોઈ બોડ્ડેપલ્લી રાધાકૃષ્ણ નામની વ્યક્તિના હસ્તાક્ષર હતા.

મંદિરના સૂત્રોએ જણાવ્યું કે ભક્તોના બેંક ખાતાનું વેરિફિકેશન કરવામાં આવતા જાણ થઈ કે રાધાકૃષ્ણના ખાતામાં ફક્ત ૨૨ જ રૂપિયા હતા. જોકે તેનું સરનામું મળ્યું નથી. સિમ્હાચલ ઈઓએ કહ્યું કે આ મંદિર માટે કોઈ નવાઈની વાત નથી.

## મૂડ ઓફ ધી નેશન

# જો આજે લોકસભાની ચૂંટણી યોજાય તો એનડીએને ૩૦૬, ઈન્ડિયા ગઠબંધનને ૧૯૩ બેઠક મળે

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૨૫

લોકસભાની ચૂંટણી આડે હવે માત્ર થોડા મહિના બચ્યાં છે. ૨૦૨૪ના માર્ચથી મે માસની વચ્ચે ગમે ત્યારે લોકસભાની ચૂંટણી યોજાઈ શકે છે. ભાજપના નેતૃત્વવાળા એનડીએનો સામનો કરવા નવા બનેલા વિપક્ષી ગઠબંધન 'ઈન્ડીયા' સાથે થશે. તાજેતરમાં રચાયેલા ઈન્ડિયા એલાયન્સે સ્પષ્ટ કર્યું છે કે તે આગામી લોકસભાની ચૂંટણી સાથે મળીને લડશે. આ ગઠબંધનમાં કોંગ્રેસ, આમ આદમી પાર્ટી, ટીએમસી, જેડીયુ સહિત ૨૬ વિપક્ષી દળો સામેલ છે. 'ઈન્ડીયા' ગઠબંધન દર મહિને એક મોટી બેઠક કરીને સોગઠા ગોઠવી રહ્યું છે. આ બધા વચ્ચે 'ઈન્ડીયા' ગઠબંધનને ઝટકો લાગે તેવા સમાચાર આવ્યાં છે. લોકસભા ચૂંટણીની તૈયારીઓ વચ્ચે એક વોટર સર્વેના પરિણામો સામે આવ્યાં છે જે મુજબ આજે લોકસભાની ચૂંટણી યોજાય તો એનડીએને ૩૦૬ અને ઈન્ડિયા ગઠબંધનને ૧૯૩ બેઠકો મળવાનું તારણ નીકળ્યું છે. ૨૦૨૪ની ચૂંટણીને લઈને સમગ્ર દેશમાં કેવું વાતાવરણ છે? અમે આ મુદ્દે જનતાનો મૂડ જાણવા માટે મૂડ ઓફ ધ નેશન સર્વેમાં સી-વોટરે દેશના તમામ ૫૪૩ લોકસભા મતવિસ્તારોમાં સર્વે કર્યો હતો. જેમાં ૨૫,૯૫૧ લોકોએ પોતાનો અભિપ્રાય આપ્યો હતો. આવી સ્થિતિમાં જનતાને મૂડ ઓફ ધ નેશનમાં પૂછવામાં આવ્યું હતું કે જો આજે લોકસભાની ચૂંટણી યોજાય તો દેશમાં વોટ શેર કેટલો હશે. જો આજે દેશમાં લોકસભાની ચૂંટણી થાય છે તો **NDA**ને ૪૩ ટકા વોટ મળી શકે છે જયારે ભારત ગઠબંધનને ૪૧ ટકા વોટ મળવાની સંભાવના છે. આ સિવાય ૧૬ ટકા વોટ અન્ય પાર્ટીઓના ખાતામાં જાય તેવી શકયતા છે.

## ઉત્તરપ્રદેશનાં ચકચારી મધુમિતા હત્યાકાંડનાં આરોપી પુર્વ મંત્રી અમરમણિ ત્રીપાઠીને જેલ મુકત કરવાનો આદેશ

લખનૌ, તા. ૨૫

ઉત્તર પ્રદેશના પૂર્વ મંત્રી અને ચકચારી મધુમિતા હત્યા કેસમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા અમરમણિ ત્રિપાઠીને જેલમાંથી મુક્ત કરવાનો આદેશ જારી કરવામાં આવ્યો છે. મધુમિતા હત્યા કેસમાં અમરમણિને આજીવન કેદની સજા થઈ હતી. અમરમણિ લગભગ ૧૯ વર્ષથી જેલમાં છે. જેલ પ્રશાસને અમરમણિને જેલમાંથી મુક્ત કરવાનો આદેશ જારી કર્યો છે. બીજી તરફ મધુમિતા શુકલાની બહેન નિધિ શુકલાનું કહેવું છે કે તેઓ આ મામલે સુપ્રીમ કોર્ટમાં જઈ ચૂક્યા છે અને ૨૫ ઓગસ્ટે એટલે કે આજે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી છે. નિધિ શુક્લાએ આ અંગે રાષ્ટ્રપતિ અને રાજ્યપાલને પત્ર પણ લખ્યો છે.

સુપ્રીમ કોર્ટે સરકારને સલાહ આપી હતી કે જેલમાં સારા આચરણ ધરાવતા કેદીઓને મુકત કરવા પર વિચાર કરવામાં આવે. જે બાદ અમરમણિ ત્રિપાઠીએ પણ પોતાની મુકિત માટે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. આ અરજીના આધારે ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ રિલીઝ ઓર્ડર આપવામાં આવ્યો હતો. પરંતુ આ આદેશનું પાલન ન થતાં, તિરસ્કારની અરજી દાખલ કરવામાં આવી હતી અને આખરે ૧૮ ઓગસ્ટે સુપ્રીમ કોર્ટે મુક્તિનો આદેશ આપ્યો હતો. જેલમાં સારા વર્તનના આધારે મુકિતનો હુકમ કરવામાં આવ્યો હતો.

## વડાપ્રધાન મોદી ગ્રીસ પહોંચ્યા : બ્રહ્મોસ મિસાઈલ અંગે ડીલ થવાની શકયતા

એથેન્સ તા. ૨૫

**BRICS** સમિટ બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી એક દિવસીય પ્રવાસ પર યુરોપિયન દેશ ગ્રીસ પહોંચી ગયા છે. મોદી આજે એથેન્સ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઊતર્યા હતા. ૪૦ વર્ષ બાદ કોઈ ભારતીય વડાપ્રધાન ગ્રીસની મુલાકાતે ગયા છે. આ પહેલાં ૧૯૮૩માં ઈન્દિરા ગાંધી ગ્રીસ ગયાં હતાં. ગ્રીક સિટી ટાઈમ્સના અહેવાલ મુજબ પીએમ મોદી સાથે ૧૨ ભારતીય ઉદ્યોગપતિઓ પણ એથેન્સ પહોંચ્યા છે. ગ્રીસના બિઝનેસમેન સાથે તેમની મુલાકાત યોજાશે.

બંને દેશો વચ્ચે વેપાર, ટેક્નોલોજીથી લઈને સંરક્ષણ સહયોગ પર ચર્ચા થશે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ગ્રીસ લાંબા સમયથી ભારતની બ્રહ્મોસ ક્રૂઝ મિસાઈલ ખરીદવામાં રસ દાખવી રહ્યું છે. આવી સ્થિતિમાં પીએમ મોદીના ગ્રીસ પ્રવાસ પર ભારતનું બ્રહ્માસ્ત્ર કહેવાતા બ્રહ્મોસ મિસાઈલ મેળવવા માટે ડીલ થઈ શકે છે.

તુર્કી કાશ્મીર મુદ્દે ભારત વિરુદ્ધ જઈને પાકિસ્તાનનું સમર્થન કરે છે. એટલું જ નહીં પાકિસ્તાન અને ઈરાન ઝડપથી સંરક્ષણ ભાગીદારી વધારી રહ્યા છે. એપ્રિલ ૨૦૨૩માં તુર્કીએ પાકિસ્તાનને બરયાકતાર **TB2** ડ્રોન આપ્યા હતા. આ ડ્રોને રશિયા-યુક્રેન યુદ્ધમાં પોતાની ક્ષમતા સાબિત કરી છે. પાકિસ્તાનને આ ડ્રોન મળવું એ ભારત માટે જોખમથી ઓછું નથી.

ભારતીય વાયુસેનાના વડા વીઆર ચૌધરી ગયા વર્ષે ઓગસ્ટ મહિનામાં પાક-તુર્કી ગઠબંધન તોડવા માટે ગ્રીસ ગયા હતા. આ દરમિયાન ડ્રોન ટેક્નોલોજી પર કામ કરવા માટે બંને દેશોમાં વાતચીત થઈ હતી. ખરેખરમાં ડ્રોનના ખતરાને જોતા તુર્કીનો દુશ્મન ગ્રીસ હવે ભારતને સાથ આપવા તૈયાર છે.

## હવે તારીખ-પે-તારીખ નહી : ગુજરાત હાઈકોર્ટનો મહત્વનો નિર્ણય

(અમદાવાદ બ્યુરો)

અમદાવાદ તા. ૨૫

ગુજરાત હાઈકોર્ટમાં ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને સ્ટેન્ડિંગ કમિટીના જજો દ્વારા ખૂબ જ અગત્યની બાબત પર નિર્ણય લેવામાં આવ્યો છે. જે મુજબ આગામી બે માસમાં જૂના કેસોને ચોક્કસ તારીખ આપીને તેની પર સુનાવણી હાથ ધરાશે. આવા કુલ ૧૩,૯૮૮ કેસ શોધવામાં આવ્યા છે. જેની આગામી તારીખ ૧ સપ્ટેમ્બરથી ૨૭ ઓક્ટોબર સુધીમાં આપવામાં આવી છે. આ તમામ કેસ ત્રણ તબક્કામાં ડિવાઈડ કર્યા છે. જેમાં પાંચ વર્ષથી ઓછા સમયના, પાંચ થી ૧૦ વર્ષ જૂના અને ૧૦ વર્ષ કરતાં વધુ જૂના કેસનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ નવી વ્યવસ્થા મુજબ હવે દરેક પડતર કેસની આગામી લિસ્ટિંગની તારીખ ફરજિયાતપણે આપવામાં આવશે. જો તારીખ ફાળવવાની રહી જાય તો કોમ્પ્યુટરાઈઝ સિસ્ટમ તેવા કેસોમાં ઓટોમેટિક નવી તારીખ આપશે. જૂના કેસોને પ્રાથમિકતા આપવા તેને ત્રણ ભાગમાં વિભાજિત કરાયા છે. જે મુજબ ૧૦ વર્ષથી જૂના કેસોને અત્યંત જૂના કેસ ગણવામાં આવશે. પથી ૧૦ વર્ષ સુધીના કેસોને જૂના કેસો તરીકે ગણવામાં આવશે. જ્યારે પાંચ વર્ષ સુધીના કેસોને બહુ જૂના નહીં તેવા કેસ ગણવામાં આવશે.

લિસ્ટેડ ન હોય તેવા કેસો જેને ૧૦ વર્ષ કરતાં વધુ સમય વીતી ગયો હોય તો તેને બે મહિનાની અંદરની તારીખ ફાળવાશે. પથી ૧૦ વર્ષના સમયગાળાના કેસોને બેથી ચાર મહિનાની અંદરની તારીખ ફાળવાશે. જ્યારે પાંચ વર્ષ કરતાં ઓછા સમયના કેસોને ચારથી છ મહિનાની તારીખ ફાળવાશે.

## જેનરિક દવા લખવાનું ફરજીયાત કરતો નિયમ સ્થગીત : તબિબોને રાહત

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી, તા. ૨૫

ડોકટરો માટે જેનેરીક દવા લખવાનું ફરજીયાત કરતા નેશનલ મેડીકલ-કમીશનનાં નિર્ણયને તાત્કાલીક અસરથી સ્થગીત કરી દેવામાં આવ્યો છે. દેશભરમાં તબીબોના વિરોધને પગલે સરકાર ઝૂકી ગઈ છે. આ સિવાય ફાર્મા કંપનીઓ પાસેથી ગીફટ ન લેવા કે કંપનીઓ સ્પોન્સર્ડ કાર્યક્રમોમાં સામેલ નહી થવાનો નિર્ણય પણ અટકાવી દેવામાં આવ્યો છે.

નેશનલ મેડીકલ કમીશને જાહેર કર્યુ હતું કે, નવા નોટીફીકેશન સુધી નિર્ણયો સ્થગીત રહે છે અને ત્યાં સુધી ૨૦૦૨ ના જુના કેસો અમલમાં રહેશે. નેશનલ મેડીકલ કમીશને ઘડેલા નવા નિયમોમાં પેનલ્ટીની જોગવાઈ કરવામાં આવી હતી તે જુના કાયદામાં ન હતી.

ઈન્ડીયન મેડીકલ એસોસીએશને નવા નિયમો સ્થગીત રાખવાના નિર્ણયને વધાવ્યો છે. તબીબી સંગઠને કેન્દ્રીય આરોગ્યમંત્રી સમક્ષ પણ વિરોધ વ્યકત કરીને દરમ્યાનગીરી કરવાની માંગ કરી હતી. નેશનલ મેડીકલ કમીશને તાજેતરમાં એવો નિયમ જાહેર કર્યો હતો કે તબીબોએ દર્દીને પ્રિસ્ક્રીપ્શન જેનેરીક દવાનું જ લખવુ પડશે અને તેનો ભંગ કરનારા સામે દંડાત્મક તથા રજીસ્ટ્રેશન રદ કરવા સુધીનાં પગલાની જોગવાઈ કરવામાં આવી હતી. બ્રાન્ડેડ જેનેરીક દવા નહીં લાવવાની પણ તાકીદ કરવામાં આવી હતી.

## ટમેટામાં રાહત મળી ત્યાં દાળનાં ભાવમાં ભડકો થયો

અમદાવાદ તા. ૨૫

તહેવારોનો સમય આવી રહ્યો છે અને રોજિંદી ચીજવસ્તુઓના ભાવમાં ભડકો જોવા મળી રહ્યો છે. હજુ તો માંડ ટામેટાના ભાવથી રાહત મળી ત્યાં તો દાળના ભાવ આસમાને પહોંચતા ફરી એકવાર ગૃહિણીઓનું બજેટ ખોરવાય ગયું છે. છેલ્લા ૧૫ દિવસમાં તુવેર દાળ, અડદ દાળ અને ચણાની દાળના ભાવમાં અચાનક કિલોએ ૧૦થી ૨૫ રૂપિયા સુધીનો વધારો જોવા મળ્યો છે. ત્યારે ગૃહિણીઓએ જણાવ્યું હતું કે, એક બાદ એક વસ્તુના ભાવ વધતા ઘર ચલાવવું મુશ્કેલ બની ગયું છે

હાલમાં તુવેરદાળ, અડદ દાળ અને ચણાની દાળમાં ભાવવધારો થયો છે. તુવેર દાળમાં કિલોએ ૧૦થી ૧૨ રૂપિયાનો વધારો થયો છે. અડદ દાળમાં કિલોએ પથી ૧૦ રૂપિયાનો વધારો છે અને ચણા દાળમાં કિલોએ ૪થી ૫ રૂપિયાનો વધારો થયો છે.

આ ઉપરાંત અડદનો પાક ગયા વર્ષે ઓછો હતો. જેથી થોડા સમય માટે અડદ દાળના ભાવ વધ્યા છે. ચણાની દાળના ભાવ પણ થોડા સમય માટે વધ્યા છે. સૌરાષ્ટ્રમાં વધારે વરસાદ થતાં માલની આવક ઓછી હતી, જેથી થોડા ભાવ વધ્યા છે, પરંતુ થોડા દિવસમાં ચણા દાળના ભાવ રેગ્યુલર થઈ જશે તેવું વેપારીઓનું માનવું છે.

## નવા જંત્રી દર લાગુ થયા પહેલા ગુજરાતમાં પ્રોપર્ટી રજીસ્ટ્રેશનનું ઘોડાપુર આવ્યું હતું :માત્ર પાંચ મહાનગરોમાં ૮૧ ટકા દસ્તાવેજ નોંધાયા

અમદાવાદ, તા. ૨૫

ગુજરાતમાં નવા જંત્રીદર લાગુ થયા પુર્વે મિલકત દસ્તાવેજો માટે ઘસારો હતો અને રેકોર્ડબ્રેક દસ્તાવેજો નોંધાયા હતા. રાજયભરનાં કુલ પ્રોપર્ટી રજીસ્ટ્રેશનમાંથી ૮૧ ટકા માત્ર પાંચ શહેર જીલ્લામાં નોંધાયા હતા. તેમાં રાજકોટનો નંબર બીજો છે. અર્થાત સૌથી વધુ બીજા નંબરના દસ્તાવેજ રાજકોટમાં નોંધાયા છે.

ગુજરાતમાં એપ્રિલ ૨૦૧૭થી માર્ચ ૨૦૨૩ દરમ્યાન અમદાવાદમાં સૌથી વધુ રૂા.૫.૫૪ લાખ કરોડનાં પ્રોપર્ટી દસ્તાવેજ નોંધાયા હતા. જયારે બીજાક્રમે રાજકોટનાં રૂા.૧.૪૧ લાખ કરોડનાં મિલકત રજીસ્ટ્રેશન થયા હતા. રૂા.૧.૪૦ લાખ કરોડ સાથે સુરત ત્રીજા સ્થાને છે. રીયલ એસ્ટેટ સંગઠન ક્રેડાઈનાં રીપોર્ટમાં એમ દર્શાવવામાં આવ્યું છે કે ગુજરાતમાં કુલ પ્રોપર્ટી દસ્તાવેજોનાં મુલ્યમાં ૪૪ ટકા હિસ્સો પાત્ર અમદાવાદનો છે. સ્ટેમ્પ ડયુટી તથા રજીસ્ટ્રેશન ફી પેટે સરકારને ચુકવાયેલા નાણાંમાં ૩૮ ટકાનો હિસ્સો છે. ક્રેડાઈ દ્વારા રેસીડેન્સીયલ, પ્લોટીંગ, કોમર્શીયલ સહીત વિવિધ શ્રેણીમાં થયેલા પ્રોપર્ટી-વેચાણના દસ્તાવેજોનાં આધારે વિશ્લેષણ રીપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે તેમાં એમ દર્શાવાયું છે કે સમગ્ર ગુજરાતમાં જેટલા પ્રોપર્ટી દસ્તાવેજો, નોંધાયા હતા તેમાંથી ૮૧ ટકા માત્ર અમદાવાદ, વડોદરા, ગાંધીનગર, સુરત, રાજકોટમાં જ નોંધાયા હતા.

આ પાંચ જીલ્લામાંથી જ સરકારને સ્ટેમ્પ ડયુટી તથા રજીસ્ટ્રેશન ફીની સૌથી વધુ આવક થઈ હતી.

### સમાચાર રાઉન્ડ અપ

- આગામી સપ્તાહથી તહેવારોની સીઝન શરૂ : બજારોમાં રોનક : વેપારી વર્ગ ખુશ
- જહોનિસબર્ગમાં જિનપીંગ સાથેની વાતચીતમાં મોદીએ વાસ્તવિકતા નિયંત્રણા રેખાનો મુદો ઉઠાવ્યો
- ગુજરાત એસટીની પ્રીમિયમ બસ સેવાએ પાંચ વર્ષમાં રૂા. ૧૭૪ની ખોટ કરી
- ૯ સપ્ટેમ્બરથી નવી દિલ્હીમાં જી-૨૦ સમિટ શરૂ થશે :ભવ્યાતિભવ્ય આયોજન : મહેમાનો માટે આઉડી, મર્સીડીઝ, બીએમડબલ્યુ જેવી ૪૨૫ કારો તૈનાત કરાશે.
- ઉત્તરપ્રદેશનાં ભૂતપૂર્વ મંત્રી અમરમણી ત્રીપાઠીને જેલમુકતીનાં આદેશ પર સ્ટે મુકવાનો સુપ્રિમ કોર્ટનો ઈન્કાર : યુપી સરકારને નોટીસ ફટકારી
- કરાર આધારીત મહિલા કર્મચારીઓ માટે પણ મેટરનીટીનાં લાભો આપવાનો ગુજરાત હાઈકોર્ટનો સીમાવર્તી ચુકાદો
- ગ્રીસથી પરત આવીને વડાપ્રધાન મોદી આજે સાંજે સીધા જ ઈસરોની મુલાકાતે જશે
- ઓનલાઈન ચીજવસ્તુ વેચાણ કરનારા પાસેથી ટેકસ વસુલવા હિલચાલ
- મુંબઈમાં ઈન્ડીયા ગઠબંધનની ત્રીજી બેઠક યોજાશે : ત્રણ દિવસીય બેઠકનાં પહેલા દિવસે ૩૧ ઓગષ્ટે લોગો રીલીઝ કરાશે

## અમેરીકાનાં પૂર્વ રાષ્ટ્રપતિ ટ્રમ્પ ૨૦ મિનિટ જેલમાં રહયા : કેદી નંબર પણ ફાળવાયો

વોશીંગ્ટન, તા.૨૫: અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ આત્મસમર્પણ કરવા માટે ગત સાંજે જોર્જિયાની એક જેલમાં પહોંચ્યા હતા. તેમના પર ગેરકાયદેસર રીતે જયોર્જિયા રાજ્યમાં ૨૦૨૦ની ચૂંટણીને ફેરવવાનું ષડયંત્ર રચવાનો આરોપ છે. ફુલ્ટન કાઉન્ટી જેલમાં ઐતિહાસિક રીતે પહેલી વાર એક પૂર્વ અમેરિકી રાષ્ટ્રપતિનો ફોટો લેવામાં આવ્યો. જેલ રેકોર્ડ અનુસાર પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બુકિંગ પ્રક્રિયા પુરી કરીને અને તેમને ૨૦૦,૦૦૦ ડોલરના બોન્ડ અને અન્ય શરત પર મુક્ત કરવામાં આવ્યા. આ મામલામાં સહ પ્રતિવાદીઓ અથવા સાક્ષીઓને ડરાવવા માટે સોશિયલ મીડિયાન ઉપયોગ નહીં કરવાનું પણ સામેલ છે.

ટ્રમ્પ જ્યોર્જિયામાં ૧૩ અલગ-અલગ કેસનો સામનો કરી રહ્યા છે. જેમાં છેતરપિંડી, ખોટા નિવેદન સહિતના અનેક મામલા સામેલ છે. અગાઉ ટ્રમ્પના ભૂતપૂર્વ સહયોગી માર્ક મીડોઝે ફુલટન કાઉન્ટીમાં આત્મસમર્પણ કર્યું હતું. કાઉન્ટીની વેબસાઈટ અનુસાર તેની ધરપકડ કરવામાં આવી છે. મીડોઝ એ ૧૮ સહ-પ્રતિવાદીઓમાંના એક છે જેનો આરોપ છે કે ટ્રમ્પ ૨૦૨૦ની રાષ્ટ્રપતિની ચૂંટણીને ઉથલાવી દેવાના કાવતરામાં મદદ કરે છે.


તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે
નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

**દરેક જગ્યાએ ઉપલબ્ધ**


કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
**અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...**



ઓપરેશનો મફત... ઓપરેશનો મફત.. ઓપરેશનો મફત
● પીએમજય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

**હરિ-કલા યુરોસર્જીકલ હોસ્પિટલ**

**ડો. જયંત એચ. પંડયા**
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA, HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને રેગ્યુલર નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશન

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ
ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૫૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી શાખા : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ એન્ડ રીસર્ચ સેન્ટર લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
**મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪**



**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી**

**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે**

ફાયદા :

(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..

(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટે છે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.

(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફક્ત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..

(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુ:ખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાય છે..

**નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી.**
**આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે**

:: ફોન કરવા માટેનો સમય ::
સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ

**૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-**
**૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-**

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)

**આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી**

**સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨**
**જૂનાગઢ**

# જીલ્લા કક્ષાના સ્વાગત કાર્યક્રમમાં ૧૫ પ્રશ્નોનું સકારાત્મક નિરાકરણ

## કલેકટરઅનિલકુમાર રાણાવસિયાએ અરજદારોને રૂબરૂ સાંભળ્યા બાદ જરૂરી દિશાનિર્દેશ અને માર્ગદર્શન સાથે પ્રશ્નોનું નિરાકર્યું




જૂનાગઢ તા.૨૪

જનપ્રશ્નોના નિવારણ માટેનું સશક્ત માધ્યમ સ્વાગત કાર્યક્રમ બની ચૂક્યો છે. તેવા જ જિલ્લા કક્ષાના સ્વાગત કાર્યક્રમમાં કલેકટરઅનિલકુમાર રાણાવસિયાએ અરજદારોને રૂબરૂ સાંભળી, તેમના પ્રશ્નોનું સકારાત્મક નિરાકરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ હેઠળ ૧૫ જેટલા પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા, તે સંદર્ભે કલેકટરશ્રીએજરૂરી દિશાનિર્દેશ આપી, જનપ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું.

કલેકટર કચેરી ખાતેના મુખ્ય સભાખંડમાં આયોજિત આ સ્વાગત કાર્યક્રમમાં કલેકટરે એક પછી એક અરજદારોને રૂબરૂ સાંભળ્યા હતા. તેમની રજૂઆતોને ધ્યાને લઈ કાયદા અનેનિયમોની મર્યાદામાં ઉચિત નિરાકરણ કરવામાં આવ્યું હતું.

**વંથલીના કણજામાં નિર્માણ પામનાર આંગણવાડીની જગ્યા ઉપરના દબાણનો પ્રશ્ન હલ**

વંથલી તાલુકાના કણજા ગામના વોર્ડ નં.-૧૦માં નિર્માણ પામનાર આંગણવાડીની જગ્યા પર દબાણ કરવામાં આવ્યું હતું. આ પ્રશ્નને નીલમબેન ભવસુખભાઈ ઘોડાદ્રાએ જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં કલેકટર અનિલ કુમાર રાણાવસિયા સમક્ષ રજૂ કર્યો હતો. કલેકટરે ગેરકાયદે દબાણ થયેલ જગ્યાને ત્વરિત ખુલ્લી કરવા માટે સંબંધિત અધિકારીઓને નિર્દેશ આપ્યા હતા. આ સાથે સ્થળ પરની દિવાલને તોડી પાડવા માટે પણ સૂચના આપવામાં આવી હતી. અરજદાર નીલમબેન ઘોડાદ્રાના પ્રશ્નોનું સુ:ખદ નિરાકરણ થયાનું રાજીપો વ્યક્ત કરતા કહે છે કે, કલેક્ટરશ્રીએ અમારા પ્રશ્નને ખૂબ નિરાંતે સાંભળી તેનું નિરાકરણ લાવ્યું છે. આ માટે તેમણે જિલ્લા વહીવટી તંત્ર અને કલેકટરનો આભાર પ્રગટ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, કણજા ગામે મનરેગા યોજના હેઠળ આંગણવાડી નિર્માણ પામશે.

**માળીયા હાટીનાનો છેલ્લા પાંચ વર્ષથી જમીન ધોવાણ અંગેના પ્રશ્નનું નિરાકરણ**

માળીયાહાટીના તાલુકાના જાનુડા ગામના ખેડૂત ભરતભાઈ સોલંકીની જમીનનું વરસાદી પૂરના કારણે છેલ્લા પાંચેક વર્ષથી ધોવાણ થતું હતું તેમના આ પ્રશ્નનું નિરાકરણ જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં મળ્યું છે. પૂરના કારણે અરજદારના પાકને પણ નુકસાન થતું હતું. જેથી જિલ્લા કલેક્ટરે સંબંધિત અધિકારીને પૂર સંરક્ષણ દિવાલ બનાવવા માટેની જોગવાઈઓને આધીન જરૂરી સહાય કરવા માટે સૂચના આપી હતી. ઉપરાંત અરજદારને પૂર સંરક્ષણ દિવાલ બનાવવા માટે યોજનાનો લાભ મળે તે માટે વિગતવાર માર્ગદર્શન આપવા પણ જણાવ્યું હતું. આ યોજના હેઠળ પૂર સંરક્ષણ દિવાલ બનાવવા માટે રાજ્ય સરકાર તરફથી ૭૦ ટકા જેટલી સહાય આપવામાં આવે છે. જેનો અરજદારને લાભ મળશે. અરજદાર ભરતભાઈ સોલંકીએ જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં પોતાના અનુભવને સુઃખદ ગણાવ્યો હતો. આ સાથે તેમણે જિલ્લા વહીવટી તંત્રનો આભાર પ્રગટ સ્વાગત કાર્યક્રમના માધ્યમથી સરકારી પ્રક્રિયા વિશે નવું જાણવા અને શીખવા મળ્યું હોવાનું પણ ઉમેર્યું હતું.

# શ્રાવણ માસ નિમિત્તે શ્રી સોમનાથ ટ્રસ્ટના પરબ અને ભોજન પાસ વિતરણ વ્યવસ્થાનું જીલ્લા પોલીસ અધિક્ષકના હસ્તે ઉદઘાટન

## શ્રી સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી જે. ડી પરમાર જનરલ મેનેજર શ્રી વિજયસિંહ ચાવડા સહિત ટ્રસ્ટ પરિવાર, પોલીસ કર્મીઓ, શોપિંગ સેન્ટરના વેપારીઓ જોડાયા




(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૨૫

પવિત્ર શ્રાવણ માસમાં પ્રથમ જ્યોતિર્લિંગ દેવાધિદેવ સોમનાથ મહાદેવના દર્શને દેશ વિદેશથી શ્રદ્ધાળુ આવી રહ્યા છે. શ્રદ્ધાળુઓની સુખાકારી માટે શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા તમામ બારીક વ્યવસ્થાઓ પણ સુચારું રૂપે ચાલે તેની તકેદારી રાખવામાં આવી છે.

શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા સોમનાથ શોપિંગ સેન્ટર અને પથિક આશ્રમની મધ્યમાં આવનાર ભક્તો માટે પાણીનું પરબ તેમજ ટ્રસ્ટના નિશુલ્ક ભોજનાલયના પાસ વિતરણ માટે સુવિધા કેન્દ્ર ઉભુ કરવામાં આવ્યું છે. ગીર સોમનાથ જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી મનોહરસિંહ જાડેજા દ્વારા રીબીન કાપીને આ સુવિધા કેન્દ્રનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ અવસરે શ્રી સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી જે.ડી. પરમારની વિશેષ ઉપસ્થિતિમાં વિધિવત પૂજન સાથે પાણીનું પરબ અને ભોજન પાસ કાઉન્ટર ખુલ્લા મુકવામાં આવ્યા હતા. શ્રી સોમનાથ ટ્રસ્ટ તરફથી શ્રી વિજયસિંહ ચાવડા, પોલીસ તંત્ર તરફથી ડિવિઝન ડી.વાય.એસ.પી ખેંગાર, તેમજ સામાજિક અગ્રણી જીતુભાઈ કુહાડા, શ્રી સોમનાથ ટ્રસ્ટ પરિવાર, પોલીસ અધિકારીઓ સહિત સોમનાથ આવનારા ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

# લોક વિજ્ઞાન કેન્દ્ર ગીર સોમનાથ દ્વારા ચંદ્રયાન-૩ના ઉતરાણનું જીવંત પ્રસારણ નીહાળવા કાર્યક્રમ યોજાયો

(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૨૫

ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ તથા ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રસ્થાપિત શ્રી ધર્મભક્તિ જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર -ગીર સોમનાથ દ્વારા શ્રી રામમંદિર ઓડિટોરિયમ હોલ, ત્રિવેણી મહાસંગમ રોડ ખાતે ભારતના ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન દ્વારા વિકસાવેલ મિશન ચંદ્રયાન-૩નું મૂન સોફ્ટ લેંડિંગ એટલે કે ચંદ્રનાં દક્ષિણ ધ્રુવ ઉપર સફળતાપૂર્વક ઉતરાણ કરાયુ તેનું જીવંત પ્રસારણનું આયોજન જાહેર જનતા માટે રાખવામાં આવ્યુ હતું.

આ અંગે વિશેષ માહિતી આપતા લોક વિજ્ઞાન કેન્દ્રના કો-ઓર્ડીનેટર નરેશભાઈ એન. ગુંદરણીયા એ જણાવેલ કે કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના (ઈતની શક્તિ હમે દેના દાતા) દ્વારા કરવામાં આવેલ ત્યારબાદ ઉપસ્થિત આમંત્રિત મહેમાન શા. સ્વા.ભક્તિપ્રકાશદાસજી, કાનભાઈ ગઢીયા, વિપુલભાઈ ઠુંમર તથા આમંત્રિત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ. ત્યારબાદ એમ. જે. સ્વામિનારાયણ હાઈસ્કુલની બહેનો દ્વારા (મનુષ્ય તુ બડા મહાન હૈ.) કૃતિ રજૂ કરવામાં આવેલ. આ તકે ઉનાથી પધારેલ વિહારભાઈ ધુલ દ્વારા મોટીવેશનલ સ્પીચ આપી હાજર સર્વેને મંત્રમુગ્ધ કરી દીધેલ ત્યારબાદ આમોદ્રા વિનય મંદિર શાળાના આચાર્યએન. બી. ઓઝા દ્વારા પી.પી.ટી. પ્રેઝન્ટેશન દ્વારા ચંદ્રયાન લોન્ચિંગ થી લેન્ડિંગ સુધીની રસપ્રદ માહિતી આપવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમ નું સંચાલન લોક વિજ્ઞાન કેન્દ્રના એકેડેમિક કો-ઓર્ડીનેટર વિજયભાઈ કોટડીયા તથા ડી.ડી. પોપટ દ્વારા કરવામાં આવેલ.



આ કાર્યક્રમનાં આશરે ૩૫૦ થી વધુ વિજ્ઞાનરસિક લોકોએ ભાગ લીધો હતો, જેમાં વિવિધ શાળા, કોલેજના વિદ્યાર્થીઓ, પ્રોફેસરો, શિક્ષકો, યુવાનો અને સિનિયર સીટીઝન વગેરે લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યકર્મમાં સામેલ તમામ લોકોએ સાંજે ૬.૦૪ કલાકે ચન્દ્રયાન- ૩ ચંદ્રની સપાટી ઉપર લેન્ડ થતાંની સાથે જ 'ભારત માતા કી જય' અને 'વંદેમાતરમ'નો જય ઘોષ સાથે ભારતના વૈજ્ઞાનિકોની આ ઐતિહાસિક સિદ્ધિને વધાવી હતી. કાર્યક્રમના અંતમાં ડી. એમ. રામાણી તથા રાહુલભાઈ ઉપાધ્યાય દ્વારા આભાર દર્શન કરવામાં આવેલ. કાર્યક્રમની પૂર્ણાહુતિ હાજર સૌ કોઈએ રાષ્ટ્રગાન બોલી કરવામાં આવેલ હતું.

# કોડીનારના ઘાંટવડ ગામનો માછીમાર ૧૪ દિવસથી દરિયામાં ગુમ પરિવાર ચિંતિત

## તા.૧૩ ઓગષ્ટની રાત્રીના માછીમારી કરી બોટમાં સુઈ ગયા બાદ ખલાસી ગુમ થયા બાદ આજ દિન સુધી કોઈ સગડ મળ્યા ના હોય પરિવાર ચિંતિત

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૨૫

કોડીનારના ઘાંટવડ ગામનો શખ્સ બોટમાં માછીમારી કરવા ગયા બાદ મધદરિયે લાપતા થઈ જતાં બોટના ટંડેલે પોલીસમાં જાણવા જોગ ફરીયાદ આપી છે.

આ અંગેની વિગત મુજબ પોરબંદરના બોટ માલિક દિનેશભાઈ મનુભાઈ બરીદૂનની બોટ "મેહનુમત " નંબર IND. GJ. ૨૫. mm.૨૬૧૪ તા.૧૦/૮/૨૦૨૩ ફિસરીઝના ટોકન સાથે ટંડેલ દેવાભાઈ સામતભાઈ રાઠોડ રહેવાશી છાછર તા.કોડીનાર વાળા સાથે પાંચ માછીમાર ખલાસીઓ સમુદ્રમાં માછીમારી માટે ગયા હતા. સમુદ્રમાં ૪૯ નોટી માઈલ માછી મારી કામ કરતા તા.૧૩.૮.૨૦૨૩ના રાત્રીના એક વાગ્યા તમામ માછીમારો સુઈ ગયા બાદ જાળ ઉઠાવવાના સમયે માછીમાર ખલાસી ભીખાભાઈ ખીમાભાઈ વાજા ઉ.વર્ષ ૬૦ નજરે ન પડતાં અને તેમની બોટમાં શોધખોળ કર્યા બાદ અન્ય બોટોને આ અંગે વાયરલેસથી જાણ કરી ભીખાભાઈની દરિયામાં શોધખોળ કરવા છતાં તેમનો કોઈ પતો ન લાગતા બોટના ટંડેલે બોટ માલિક દિનેશભાઈ મનુભાઈ બરીદૂનને જાણ કરી બોટ પરત પોરબંદર ખાતે લાવી નવીબંદર પોલીસ ટેશનને તા.૧૪/૮/૨૦૨૩ના ખલાસી ભીખાભાઈ ખીમાભાઈ વાજા અકસ્માતે બોટમાંથી દરિયામાં પડી ગયા હોય ગુમ થયાની જાણવાજોગ ફરિયાદ આપતા નવીબંદર પોલીસના પી.એસ.આઈ. ચાવડાએ તપાસ હાથ ધરી જે કોઈને લાપતા માછીમારની ભાળ મળે તો નવીબંદર પોલીસ અને બોટ એસોસીએશન પોરબંદર તેમજ સમુદ્ર શ્રમિક સંઘ પ્રમુખ બાલુભાઈ સોચા કોડીનાર વગેરેને જાણ કરવા એક યાદીમાં જણાવેલ છે.



# ઉનાનાં ગીરગઢડામાં થયેલી ચોરીનો ભેદ ઉકેલતી પોલીસ : બે આરોપી ઝડપાયા

## પીજીવીસીએલના ટ્રાન્સફરમાંથી ઓઈલ અને બોડીની ચોરીનો ભેદ ઉકેલાયો



(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૨૫

ગીરગઢડા પીજીવીસીએલ વિભાગના ઈજનેરે અગાઉ ગીરગઢડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી કે ગીરગઢડા તાલુકાના અલગ અલગ વિસ્તારમાં થાંભલાઓ ઉપર રાખેલ વીજ ટ્રાન્સફરમાંથી કોઈ અજાણ્યા ઈસમોએ બુચિંગ ખોલી તેમાં રહેલ ઓઈલ લીટર કુલ-૨૯૦ લીટર રૂપિયા ૩૪૮૦૦/અને બોડીને રૂપિયા ૩૧૨૧૪ મળી કુલ રૂા.૬૬૦૧૪/ની ચોરી અને નુકશાની કરી સરકારી મિલકતને નુકશાની કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.જેની તપાસ ગીરગઢડા પોલીસ સ્ટેશનના મહિલા પી.એસ. આઈ. આર.એચ. સુવાના માર્ગદર્શન હેઠળ હેડ કોન્સ્ટેબલ જગદીશભાઈ જી. સોસા, હેડ કોન્સ્ટેબલ સલીમભાઈ દોસ્ત, મહંમદ બ્લોચ અને સ્ટાફે તપાસ કરતા ચોક્કસ બાતમી મળતા ગીરગઢડાના સનવવાવ રોડ ઉપર આવેલ જનતા ટ્રેડસ નામના ભંગારના ડેલા ધરાવતા જાવિદભાઈ હુસેનભાઈ બિજલિયા રે. ગીરગઢડાને ત્યાં તપાસ કરતા ત્યાંથી ઓઈલ ભરેલા પ્લાસ્ટિકના કેન નગ ૩ જેમાં અંદાજિત ૧૫૦ લીટર જેની કિંમત રૂપિયા ૧૮૦૦૦/સાથે પકડી લીધો હતો. બીજો આરોપી ઈમ્તિયાઝ ઉર્ફે ઈરફાન ઊર્ફે યાકુ હુસેનભાઈ સમા (૨૩) રે. સિમસી તા. ગીરગઢડાને પકડિ ચોરી અને સરકારી મિલકતને નુકશાન કરિયાનો ગુનોનો ભેદ ઉકેલવા સફળતા મેળવી હતી અને વધુ તપાસ શરૂ કરી હતી.

# ગીર સોમનાથ પોલીસ દ્વારા 'સાઈબર ક્રાઈમ અવેરનેસ એન્ડ સિક્યોરિટી' ઉપર સેમિનાર યોજાયો

## 'સાઈબર વોલન્ટિયર' બની મદદ કરવા યુવાઓને જીલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજાની અપીલ : ડેટાથેફ્ટ, સેક્સટોર્શન, હેકિંગ, સાયબર બુલિંગ, ફાઈનાન્શિયલ ફ્રોડ સહિત સાઈબર ક્રાઈમ અંગે અપાયું માર્ગદર્શન : ઓનલાઈન સાઈબરક્રાઈમની ફરિયાદ અંગે હેલ્પલાઈન નં ૧૯૩૦નો કરવો સંપર્ક




ગીર સોમનાથ, તા.૨૫

ગીર સોમનાથ પોલીસ દ્વારા સાઈબર જાગૃતતા અને સિક્યોરિટી તથા સાઈબર વોલન્ટીયર્સ પોલીસને કઈ રીતે મદદરૂપ થઈ શકે તે અંગે રામમંદિર ઓડિટોરિયમ ખાતે 'સાઈબર ક્રાઈમ અવેરનેસ એન્ડ સિક્યોરિટી સેમિનાર' યોજાયો હતો. જેમાં જિલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજાએ યુવાઓને 'સાઈબર વોલન્ટિયર' બની ડિજિટલ ગુનાઓ પ્રત્યે ગ્રામીણ વિસ્તારો સહિત અન્યને જાણકારી આપવા અપીલ કરી હતી તેમજ મદદનીશ પો.અધિ.શ્રી જીતેન્દ્ર અગ્રવાલે ડેટાથેફ્ટ, સેક્સટોર્શન, હેકિંગ, સાયબર બુલિંગ, ફાઈનાન્શિયલ ફ્રોડ સહિત સાઈબર ક્રાઈમ અંગે માર્ગદર્શન આપ્યું હતું. “સાયબર ક્રાઈમથી બચવા માટે સાવચેતી એ જ સલામતી“ સૂત્રને અનુસરતા જીતેન્દ્ર અગ્રવાલે ડિજિટલ યુગમાં મહત્વના ડેટા માહિતીની ચોરી, વિવિધ પ્રકારની ફેક લોન એપ્લિકેશન દ્વારા ઠગાઈ, વિવિધ પ્રકારની લોભામણી જાહેરાત, લોટરીનો ઈ-મેઈલ, ફેક એપ અને વેબસાઈટ, વીડિયો કોલિંગ દ્વારા ઠગાઈ સહિત ન્યૂડ વિડિયો કોલથી સેક્સટોર્શન જેવા તમામ પ્રકારના સાયબર ફ્રોડના બનાવો તથા સાયબર સિક્યુરિટી અંગે શું કાળજી રાખવી તે વિશે અવગત કરાયા હતાં તેમજ આવા ગુનાઓની વિવિધ ઉદાહરણ દ્વારા સમજૂતી આપી હતી અને સાઈબરક્રાઈમથી બચવાના ઉપાયની વિસ્તૃત છણાવટ કરી હતી. આ સેમિનારમાં ઉપસ્થિત રહેલા તમામને જણાવાયું હતું કે ડિજિટલ યુગના ફાયદાઓ સામે ગેરફાયદાઓ પણ એટલા જ છે. સોશિયલ મીડિયાના જાગૃત પ્રહરી તરીકે તેમજ દેશના નાગરિકની જવાબદારી તરીકે સાઈબર વોલન્ટિયર્સ પોલીસને મદદરૂપ થઈ શકે છે. જે માટે નેશનલ સાઈબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ (NCCRP) https://cybercrime.gov.in/ ઉપર લોગઈન કરી રજીસ્ટ્રેશન કરી શકાય છે. આ દરમિયાન ગીર સોમનાથ પોલીસ દ્વારા તથા ઓનલાઈન નાણાકીય છેતરપિંડીમાં ભોગ બનનારના કુલ. ૨૪,૫૫,૬૬૦/- રૂા. પરત અપાવેલ તે માહિતી આપી ડિટેકટ કરેલ સાઈબર કેસની પણ વિગતો આપવામાં આવી હતી. આ તકે, એસઓજી પીઆઈ એ.બી.જાડેજા, ના.પો.અધિ. વી.આર.ખેંગાર, પ્રભાસ પાટણ પોલીસ ઈન્સ્પેક્ટર મકવાણા સહિત પોલીસ કર્મચારીઓ તેમજ કોલેજના વિદ્યાર્થીઓ અને પ્રોફેસર્સ પણ ઉપસ્થિત રહ્યા હતાં.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

## મજબૂત સૈન્ય શક્તિનું મહત્ત્વ

તાજેતરમાં જ કેટલીક એવી ઘટનાઓ બની છે જેના પર દેશે ગહન વિચાર કરવાની જરૂર છે. એક તો નૂંહની ઘટના, જેના પડઘા આખા દેશમાં પડ્યા. બીજી એક ઘટનામાં એક સંસદ સભ્ય જાહેર કાર્યક્રમમાં ભારત માતા કી જય બોલવા મુદ્દે લગભગ મારામારી પર ઉતરી આવ્યા. થોડા મહિનાઓ પહેલાં કન્હૈયાલાલ અને ઉમેશ કોલ્હે જેવા લોકોનાં ગળાં કાપી નાખવામાં આવ્યાં હતાં. ખાલિસ્તાની સમર્થકો દ્વારા વારે-તહેવારે દેશ-વિદેશમાં પ્રદર્શનો થઈ રહ્યાં છે. પૂર્વોત્તરમાં પણ વિદેશી શક્તિઓની મદદથી માહોલ બગાડવામાં આવી રહ્યો છે. દેશમાં પહોળી થઈ રહેલી આ તિરાડો યુધ્ધકાળનો સંકેત તો નથી આપતી? સ્પષ્ટ રૂપે આપણે આપણી સચોટ તૈયારી કરવી પડશે. વસ્તુત: શાંતિકાળ રાષ્ટ્ર માટે સ્થિરતા, વિકાસ, શક્તિ અર્જન અને ભવિષ્યની તૈયારીઓનો સમય હોય છે. શાંતિકાળનાં દાયિત્વોને ભૂલવાનાં દુષ્પરિણામ આપણે જોઈ રહ્યા છીએ. જ્યારે મૌર્ય, ગુપ્ત, કનિષ્ક અને લલિતાદિત્યનાં સામ્રાજ્યોથી લઈને ત્યાં સુધી કે અંગ્રેજોએ પણ પશ્ચિમોત્તરમાં આપણી સરહદોની રક્ષા કરી છે તો સ્પષ્ટ છે કે આ જ ભારતની સ્વાભાવિક સીમા છે. દેશના ભાગલાની આ નકલી વિભાજક રેખાઓ આપણા ભાગ્યની રેખાઓ નથી. કાલે જ્યારે આપણે સમર્થ બનીશું ત્યારે ઇતિહાસની લહેરો સામે રેતી પર દોરેલી લીટીઓની જેમ તે ભૂંસાઈ જશે. આપણી પૂર્વી સીમાઓ ક્યારેય એ પ્રકારે સમસ્યા નથી રહી. સમસ્યા તો ઉત્તરી સીમાઓ પણ ન હોત, પરંતુ આપણા અયોગ્ય શાસકો તેનું કારણ રહ્યા. પાકિસ્તાન બનવાવીને બ્રિટિશ સરકારે પશ્ચિમી દિશામાં ભારતના સંભવિત શક્તિ વિસ્તારને જાણીજોઈને નિષ્પ્રભાવી કરી દીધું. જ્યાં સિકંદરના સેનાપતિ સેલ્યુકસનો પરાજય થયો હતો, આજે ત્યાં પાકિસ્તાન બન્યું છે. જો સેલ્યુકસનો પરાજય થયો ન હોત તો મૌર્ય સામ્રાજ્ય સ્થિર ન હોત. બાકી વિશ્વ સાથે વ્યાપારિક સંબંધ ન બન્યા હોત. સમૃધ્ધિ અને શક્તિનો માર્ગ બાધિત રહેતો. એ જ રીતે આજે પાકિસ્તાન એક શત્રુ જ નહીં, પરંતુ એક અડચણ છે જેણે આપણો રસ્તો રોકી રાખ્યો છે.

આપણી સાંપ્રદાયિક સમસ્યા દેશની આંતરિક સ્થિતિઓને હવે એ રીતે પ્રભાવિત કરવા લાગી છે કે તે ઘોર સાંપ્રદાયિકતાની સાથે સાથે પ્રાદેશિક અલગાવનું પણ કારણ બની રહી છે. આ સાંપ્રદાયિકતા બિહાર અને ઉત્તર પ્રદેશમાં જાતીયતાનો આધાર બનીને સંકટ પેદા કરી રહી છે. બંગાળ અને કેરળમાં આ જ સાંપ્રદાયિકતા આતંકી વિભાજનકારી અભિયાનનો આશ્રય બની ચૂકી છે. પીએફઆઈ એ અલકાયદા ઉપરાંત આઈએસના ભારતમાં સંગઠિત થવાના અહેવાલો છે. આ સાંપ્રદાયિક વિભાજનથી ભારતના અસ્તિત્વ પર સંકટ પેદા થઈ રહ્યું છે. શાંતિકાળની જોગવાઈઓથી યુધ્ધકાળનું નિયંત્રણ અસંભવ થતું જાય છે.

આપણે ભૂતકાળથી જ આસન્ન સંકટો પ્રત્યે જાગૃત નથી રહ્યા. કાશ્મીર ૧૯૪૭થી જ પાકિસ્તાન માટે નાકનો સવાલ બની રહ્યું છે. એક તૃતિયાંશ કાશ્મીર તેના ગેરકાયદે કબ્જામાં પહેલેથી જ છે. બાકીનું પડાવી લેવાનું કુત્સિત અભિયાન તેણે ચલાવી રાખ્યું છે. કાશ્મીર પર કબ્જો અને ભારતનું ઇસ્લામીકરણ જ તેનું લક્ષ્ય છે. તેના માટે આપણો શો ઉપાય, શી તૈયારી કરી રહ્યા છીએ? પારંપરિક રૂપે આપણે રક્ષાત્મક દેશ રહ્યા છીએ. સંકટો છતાં આક્રમક સૈન્ય સશક્તિકરણ આપણી નીતિ જ નથી રહી. આપણે તો યુધ્ધ પણ હંમેશાં રક્ષાત્મક રીતે જ લડ્યા છીએ. ૧૯૪૭-૪૮ના પાકિસ્તાની આક્રમણના પરિણામે કાશ્મીર યુધ્ધમાં પંડિત નેહરુએ સુરક્ષા પરિષદમાંથી યુદ્ધવિરામ કરાવી લીધો. ૧૯૬૫માં આપણે લાહોરની નજીક હતા, પરંતુ આપણે જાતે યુધ્ધ વિરામ જાહેર કરાવ્યો. ૧૯૭૧નું યુધ્ધ આપણે આપણા નહીં, પરંતુ બાંગ્લાદેશના હિતમાં લડ્યા. પછી શિમલા સમજૂતીમાં લશ્કરી વિજયને કૂટનીતિના સ્તરે ગુમાવી દીધો. પરિણામસ્વરૂપ સમસ્યાઓ તો એવી ને એવી જ ઊભી રહી.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે જલ્દી દેશ દુનિયાની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે. એવામાં મોટો સવાલ એ છે કે આર્થિક શક્તિની રક્ષા બાહ્ય અને આંતરિક લશ્કરી શક્તિના અભાવે કેવી રીતે સંભવ થશે? શત્રુ તો અંદર પણ છે. ચીન આપણી સમક્ષ આંતરિક શત્રુઓના નિયંત્રણનું એક મોટું ઉદાહરણ છે. રશિયા-યુક્રેન યુદ્ધમાં આપણે જોયું કે આર્થિક અને સૈન્યશક્તિનો સહયોગ એકબીજા માટે કેટલો જરૂરી છે. પુતિન જો લશ્કરી દૃષ્ટિએ જાગૃત ન રહેતા તો તે યુક્રેન રૂપે પોતાની સીમાઓ પર એક પાકિસ્તાન જેવા સરદર્દનો શિકાર બની જાત. નાટો સંગઠન તેમની ઘેરાબંધી કરીને યુરોપમાં તેમને સીમિત કરી દેતું. જોકે પુતિને એવું ન થવા દીધું અને યુધ્ધ પસંદ કર્યું.

આર્થિક સમૃધ્ધિ સાથે જો લશ્કરી શક્તિ-સામર્થ્ય ન હોય તો તેનાં ભયાનક પરિણામો આવે છે. આપણે તેના ભુક્તભોગી રહ્યા છીએ. આપણી મુગલ ગુલામીનો દોર દસમી શતાબ્દીથી શરૂ થાય છે. ઈસ્લામિક આક્રમણ પહેલાં આપણે વિશ્વના સૌથી સમૃદ્ઘ દેશ હતા. વિશ્વપ્રસિધ્ધ આર્થિક ઈતિહાસકાર એંગસ મેડિસને પોતાના વિશદ અધ્યયનમાં સાબિત કર્યું છે કે પ્રાચીન વિશ્વની અર્થવ્યવસ્થાના ૫૫ થી ૫૭ ટકા ભારત અને ચીનના નિયંત્રણમાં હતા. તેમાં ભારત તો ચીનથી પણ આગળ હતું. એ જ ભારત સમયાંતરે સૈન્યશક્તિના અભાવમાં વિશ્વનો સૌથી સમૃદ્ઘ દેશ હોવા છતાં પણ કટ્ટરપંથી લૂંટારાઓથી પરાજિત થઈને ગુલામીના લાંબા દોરમાં સરી પડ્યું. યાદ રહે કે અમેરિકા પોતાની આર્થિક શક્તિની રક્ષા લશ્કરી શક્તિથી કરે છે. આપણા રાજકીય નેતૃત્વમાં ભૂરાજકીય સમજનો અભાવ આપણા પરાજયોનું મુખ્ય કારણ રહ્યું છે. જો આપણે એક સક્ષમ-સમૃદ્ઘ અર્થવ્યવસ્થા બનવું હોય તો આપણે ખુદને એક પ્રભાવી સૈન્ય શક્તિ પણ બનાવવા પડશે. તેના માટે આપણે કોઈ ભાગીદારી પર નિર્ભર ન રહીને પોતાના દમ પર આગળ વધીએ ત્યારે જ હિત સુરક્ષિત થઈ શકશે.

# ફિક્સ વેતનધારકોનું શોષણ, ચૂંટાયેલાં જન પ્રતીનિધીઓના પ્રવાસ ભથ્થામાં જબરદસ્ત વધારો

## આગામી દિવસમાં ફિક્સ પે નાબૂદી સરકારના માથાનો દુખાવો બને તો નવાઈ નહી

ગાંધીનગર,તા.૨૫

લોકસભા પહેલાં ભૂપેન્દ્ર પટેલ સરકારની મુશ્કેલીઓ વધે તો નવાઈ નહીં. એકબાજુ ફિક્સ વેતનધારકોનું શોષણ કરવામાં આવી રહ્યું છે. બીજી બાજુ ચૂંટાયેલાં જનપ્રતીનિધીઓના પ્રવાસ ભથ્થામાં જબરદસ્ત વધારો કરી દેવામાં આવ્યા છે. પ્રજા વચ્ચે જવું મોઘું બન્યું હોવાનું કારણ ધરીને રાજ્ય સરકારે તાલુકા અને જિલ્લા પંચાયતના પ્રમુખના પ્રવાસ ભથ્થામાં ૩૦થી ૪૦ ટકાનો વધારો કર્યો છે. ગુજરાતમાં મોટાભાગની જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતો પર ભાજપનું શાસન છે. ભાજપના નેતાઓને સુવિધાના નામે પગારમાં વધારો કરાયો છે. મોંઘવારી નેતાઓને નડતી હોય તો એ મોંધવારી ફીક્સ પે વેતનધારીને પણ નડી રહી છે. આગામી દિવસમો ફિક્સ પે નાબૂદી સરકારના માથાનો દુખાવો બની શકે છે. ફિક્સ પે ની નીતિ દૂર કરવા સરકારી કર્મચારીઓએ હવે બાંયો ચઢાવી છે. જેઓ રાજ્ય સરકારની ફીક્સ પે નીતિ સામે વિરોધ કરશે. તહેવારોની સાથે ફિક્સ પે નીતિનો વિરોધ કરવા કાર્યક્રમો ઘડાયા છે. જેમાં જન્માષ્ટમી, રક્ષાબંધન ના



તહેવારોમાં કર્મચારીઓ કરશે પ્રતિકાત્મક વિરોધ કરશે. આ સમયે કાળા વસ્ત્રો ધારણ કરીને પણ સરકારી કર્મચારીઓ વિરોધ કરી શકે છે. આગામી સમયમાં લોકસભા આવી રહી છે આ સમયે ભાજપ સરકાર સામે વિરોધને પગલે સરકાર ભિંસમાં મૂકાય તો પણ નવાઈ નહીં. સરકારે હાલમાં જ તાલુકા પંચાયત પ્રમુખને રૂા.૬૦હજાર, જિલ્લા પંચાયત પ્રમુખને ૧.૩૦ લાખ પ્રવાસ ભથ્થુ ફાળવવાનો નિર્ણય લીધો છે. લોકસભા પહેલાં પ્રમુખો પ્રવાસ કરે એ જરૂરી છે પણ એમને ભથ્થાઓ ઓછા હોવાનું ગણાવી વિરોધ કરતાં સરકારે આ ભથ્થાઓમાં ૩૦થી ૪૦ ટકાનો વધારો કરી દીધો છે. સરકાર સારી રીતે જાણે છે કે હાલમાં ભાજપનું શાસન છે. જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના પદો પર તેમના જ નેતાઓ બેઠેલા છે. લોકસભાની ચૂંટણી નજીક આવી રહી છે તે જોતાં ચૂંટાયેલાં જનપ્રતિનીધીઓને પ્રજા વચ્ચે જવા હાઈકમાન્ડે સૂચના આપી છે. જોકે, તાલુકા અને જીલ્લા પંચાયતના પ્રમુખો મોઘવારીનું કારણ ધરીને લોકો વચ્ચે સુધી પહોંચતા ન હતાં. પેટ્રોલ-ડિઝલના ભાવ વધી રહ્યા છે. વાહનોના મરામતનો ખર્ચ વધી રહ્યો છે.

આ બધાય પાસાને ધ્યાનમાં રાખીને પ્રવાસ ભથ્થાની રકમમાં વધારો કરાયો છે. આમ સરકારે નેતાઓના પગાર તો વધારી દીધા છે પણ આ મામલો વિવાદ પકડે તો પણ નવાઈ નહીં. રાજ્યના તમામ તાલુકા અને જિલ્લા પંચાયતના પ્રમુખને નવા ભથ્થાનો લાભ હવે મળશે. જિલ્લા પંચાયતના સભ્યને રૂા.૮૦ હજાર પ્રવાસ ભથ્થું ચૂકવવામાં આવતું હતું. રાજ્ય સરકારે કરેલાં પરિપત્ર મુજબ, હવે જિલ્લા પંચાયતના પ્રમુખને રૂા. ૧.૩૦ લાખ પ્રવાસ ભથ્થુ આપવામાં આવશે. જયારે તાલુકા પંચાયતના પ્રમુખને ૪૦ હજારને બદલે ૬૦ હજાર રૂપિયા મળશે.

# વરસાદ ખેંચાતા ખેડૂતોમાં ચિંતાનો માહોલ, સિંચાઈ માટે પાણી છોડવામાં આવશે

## ઋષિકેશ પટેલે પાણીની કોઈ સમસ્યા ન હોવાનું જણાવ્યું

ગાંધીનગર,તા.૨૫

વરસાદે રીતસરની હાથતાળી આપી દીધી હોય તેમ ઓગસ્ટ મહિનામાં નહિવત વરસાદ રહ્યો છે. છેલ્લા એક મહિનાથી વરસાદ ખેંચાયો છે. જેને લઈને ખેડૂતોમાં ચિંતાનો માહોલ છે. ત્યારે વરસાદ ખેંચાવા મુદ્દે પ્રધાન ઋષિકેશ પટેલે પાણીની કોઈ સમસ્યા ન હોવાનું જણાવ્યું. ઋષિકેશ પટેલે નિવેદન આપતા કહ્યું, વરસાદ પડવામાં એક મહિના જેટલો અંતરાલ પડ્યો છે. વરસાદ ખેંચાતા વિજળીની માગણી વધી છે. હાલ પીવાના પાણીની કોઈ સમસ્યા નથી. સિંચાઈ માટે પાણી છોડવામાં આવશે અને પાણીની જરૂર છે ત્યાં પાણી છોડવામાં આવી રહ્યું છે. રાજ્યમાં અત્યાર સુધી પડેલા વરસાદની વાત કરીએ તો કચ્છમાં સૌથી વધુ સરેરાશ ૧૩૬ ટકા વરસાદ વરસ્યો છે. સૌરાષ્ટ્રમાં ૧૧૦ ટકા પડ્યો. દક્ષિણ ગુજરાતમાં ૭૨ ટકા વરસાદ વરસ્યો છે. જ્યારે ઉત્તર ગુજરાત સરેરાશ ૬૭ ટકા વરસાદ પડ્યો છે. તો બીજી તરફ દાહોદ જિલ્લમાં સૌથી ઓછો ૫૦ ટકા વરસાદ નોંધાયો છે. નર્મદા જિલ્લમાં ૫૪ ટકા વરસાદ પડ્યો છે. ગાંધીનગર જિલ્લામાં ૫૫ ટકા વરસાદ નોંધાયો છે. તો વડોદરા જિલ્લામાં ૫૭ ટકા વરસાદ પડ્યો છે. તો અરવલ્લીમાં ૫૮ ટકા વરસાદ નોંધાયો છે. તો બીજી તરફ રાહતની વાત છે કે રાજ્યનાં જળાશયો પાણીથી ભરપૂર છે. સૌરાષ્ટ્રનાં જળાશયો ૮૪ ટકા ભરાયેલા છે. સરદાર સરોવરમાં ૭૮ ટકા પાણીનો સંગ્રહ છે. દક્ષિણ ગુજરાતનાં જળાશયોમાં ૭૬ ટકા ભરાયેલા છે. ઉત્તર ગુજરાત જળાશયોમાં ૭૪ ટકા પાણીનો સંગ્રહ છે. જયારે કચ્છના જળાશયોમાં ૬૪ ટકા પાણીનો સંગ્રહ છે. તો મધ્ય ગુજરાતના જળાશયોમાં ૪૯ ટકા પાણીનો સંગ્રહ છે. હાલ રાજ્યનાં જળાશયોની સ્થિતિની વાત કરીએ તો ૯૪ જળાશયોમાં ૯૦ ટકા પાણીનો સંગ્રહ થયેલો છે. ૨૮ જળાશયોમાં ૮૦થી ૯૦ ટકા પાણીનો સંગ્રહ છે. જયારે ૧૦ જળાશયોમાં ૭૦થી ૮૦ ટકા પાણીથી ભરાયેલા છે. તો ૭૪ જળાશયોમાં ૭૦ ટકાથી ઓછું પાણી સંગ્રહ થયેલ છે.

# સંગઠનમાં નેતાઓને કાપવામાં પાટીલે જરા પણ શરમ રાખી નહી, ૧૮ જિલ્લામાં સપાટો



ગાંધીનગર,તા.૨૫

૧૫૬ સીટો પર વિજેતા બન્યા બાદ ભાજપના ઘણા નેતાઓના લીલી પેનથી સહી કરવાના સપનાં ચકનાચૂર થઈ ગયા છે. કોંગ્રેસમાં પાર્ટી બદલી ભાજપમાં જોડાયાનું મોટું કારણ પણ મંત્રી પદ પણ હતું. ભાજપે રેકોર્ડબ્રેક જીત વચ્ચે મંત્રીમંડળ સૌથી નાનું બનાવવાનો નિર્ણય લેતાં આજે દરેક મંત્રી પાસે ૩થી ૪ વિભાગનો પોર્ટફોલિયો અને કદાવર મંત્રી પદ છે, પણ ઘણા આજે પણ અફસોસ કરી ભૂપેન્દ્ર પટેલ સરકારના મંત્રી મંડળના વિસ્તરણની રાહ જોઈ રહ્યાં છે. ભાજપે પણ મંત્રી મંડળના વિસ્તરણનું ગાજર લટકાવી ધાર્યા કામ કરાવે છે. હવે માત્ર લોકસભા જ એક આધાર છે જેમાં મંત્રી મંડળનું વિસ્તરણ થયું તો નવા નેતાઓનો સમાવેશ થશે. નહીં તો સરકાર આમ જ ૫ વર્ષ ચાલશે અને મંત્રી બનવાના સપનાં જોનાર ધારાસભ્ય રહીને ફરી ધારાસભ્ય બની શકશે કે નહીં એના પ્લાનિંગમાં રહી જશે. સરકારમાં કોઈ બદલાવ થયો નથી, પણ પાટીલે ભવ્ય જીત બાદ પણ સંગઠનમાં મોટા ફેરફારો કર્યા છે. જે સંગઠનના જોરે ભાજપે ૧૫૬ સીટો જીતી છે. એ સંગઠનમાં નેતાઓને કાપવામાં પાટીલે જરા પણ શરમ રાખી નથી. કોઈ પણ પાર્ટી માટે પાર્ટીનું સંગઠન અતિ મજબૂત હોવું એ જરૂરી છે. પાટીલના પ્રમુખ બન્યા બાદ ભાજપે પેજ પ્રમુખની નવી રણનીતિનો અમલ કરતાં રેકોર્ડબ્રેક રિઝલ્ટ જોવા મળ્યા છે. લોકસભામાં પણ ભાજપ ૨૬માંથી ૨૬ બેઠકો જીતવાના સપનાં જોઈ રહી છે. કોંગ્રેસ અને આપ માટે ભાજપને રોકવા માટે નવી રણનીતિ ઘડવી પડશે, પણ ભાજપ પણ કોઈ કસર છોડવા માગતી નથી. જે જિલ્લામાં સંગઠનમાં ઉણપ કે એક જ પદ પર ત્રણ વર્ષથી વધુ સમય થયો હોય તેવા તમામ જિલ્લામાં ફેરફાર થયો છે. લોકસભા ચૂંટણીની તૈયારીઓ કરી રહેલા પ્રદેશ ભાજપ સંગઠને સાબરકાંઠા જિલ્લા પ્રમુખને પણ ત્રણ વર્ષની ટર્મ પૂર્ણ થાય તે પહેલાં જ બદલી કાઢ્યા છે. ચારેક મહિનામાં ભાજપે ૩૩ માંથી ૧૮ જિલ્લાઓ અને પાંચ મહાનગરો માંથી બે મહાનગરોના પ્રમુખ સહિતનું સંગઠન આ રીતે બદલી કાઢ્યું છે. સાબરકાંઠા જિલ્લા એકમમાં નવા પ્રમુખની નિયુક્તિ સાથે જ પ્રદેશ અનૂસુચિત જાતિ- જીઝ મોરચામાં હોદ્દેદારોની પણ નિમણૂંકો કર્યાનું જાહેર કર્યું હતું. આમ ભાજપ સંગઠનમાં કોઈ પણ કચાશ રાખવાના મૂડમાં નથી. મહામંત્રી ભાર્ગવ ભટ્ટને બાદ પત્રિકાકાંડમાં નામ આવતાં પાટીલના ખાસ ગણાતા પ્રદિપસિંહ વાઘેલાએ પણ રાજીનામુ આપ્યું છે. આ સ્થિતિમાં જ્યાં પહેલાંથી જ બે મહામંત્રીના પદ ખાલી છે તે સ્થિતિમાં એકાદ મહિનામાં પ્રદેશ સ્તરે પણ સંગઠનને પણ નવી નિયુક્તિઓ આપવામાં આવશે. લોકસભા પહેલાં ભાજપ ૨ નવા મહામંત્રીઓની નિમણુંક કરશે. હાલમાં રજની પટેલને પ્રદીપસિંહનો ચાર્જ સોંપાયો છે. વિધાનસભા ચૂંટણી બાદ એપ્રિલ મહિનાથી અત્યાર સુધીના ૧૫૦ દિવસમાં ભાજપે ૪૧ એકમોમાંથી ૨૧ જિલ્લા-મહાનગરોના સંગઠનમાં ધરમૂળથી ફેરફાર કર્યો છે. તદ્ઉપરાંત પાંચ મોરચા પૈકી SC અને ST મોરચા પ્રદેશ ભાજપ સંગઠનમાં વર્તમાન પણ બદલ્યા છે. આમ સંગઠનમાં ફેરફારો એ સાબિત કરે છે કે પાટીલ ક્યાંય પણ કાચું કાપવાના મૂડમાં નથી. ગુજરાતમાં પાટીલ નવા પ્રમુખ પછી હવે હોદ્દેદારોની ૩ વર્ષની ટર્મ પૂર્ણ થઈ ચૂકી માત્ર ‘મ્ઝ મોરચામાં હોદ્દેદારોની છે. પરંતુ, આ ટર્મ પૂર્ણ થયા પહેલા એક નિયુક્તિ કરવાની બાકી રહે છે. પાંચમાંથી ૩ મોરચા, ૪૧માંથી ૨૧ શહેર- મહાનગરમાં અડધી ટર્મમાં બદલાવ કરી દેવાયો છે. આમ સરકારના મંત્રી મંડળમાં ફેરફાર થાય કે નહીં પણ સંગઠનમાં ધૂમધડાકા સાથે ફેરફાર થયા છે. પાટીલે એ સાબિત કરી દીધું છે કે કામ છે પ્રમોશન નહીં તો જગ્યા ખાલી કરો ભાજપ પાસે નેતાઓની કમી નથી. લોકસભા પહેલાં એવું પણ બની શકે કે સરકાર મંત્રી મંડળમાં પણ ફેરફાર કરે.

# રાજ્યની ગ્રાન્ટેડ શાળાઓ માટે રાજ્ય સરકારનો એક મહત્વપૂર્ણ નિર્ણય



ગાંધીનગર,તા.૨૫

રાજ્યની ગ્રાન્ટેડ શાળાઓ માટે રાજ્ય સરકારે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. રાજ્ય સરકારના શિક્ષણ વિભાગે પરિણામ આધારિત ગ્રાન્ટની નીતિ રદ કરી દીધી છે. જેના કારણે હવે ગ્રાન્ટેડ શાળાઓને ૧૦૦ ટકા ગ્રાન્ટ મળશે. માધ્યમિક અને ઉચ્ચતર માધ્મમિક શાળાઓને પૂરી ગ્રાન્ટ મળશે. અત્યાર સુધી શાળાઓને પરિણામ મુજબ ગ્રાન્ટ મળતી હતી. ધોરણ ૧૦ અને ૧૨ના પરિણામ પ્રમાણે ગ્રાન્ટ મળતી હતી.

શિક્ષણ વિભાગે વિદ્યાર્થીઓ અને શિક્ષકોના હીતમાં આ મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. રાજ્યમાં શાળાઓને બોર્ડના પરિણામ પર ગ્રાન્ટ મળતી હતી. બોર્ડમાં ધોરણ ૧૦ અને ૧૨નું ૩૦ ટકાથી ઓછુ પરિણામ આવે ત્યારે કોઈ પણ પ્રકારની ગ્રાન્ટ મળતી ન હતી. જ્યારે ૩૦ થી ૪૦ ટકા પરિણામમાં મેળવતી શાળાઓને ૨૫ ટકા ગ્રાન્ટ મળતી હતી. તો ૪૦ થી ૫૦ ટકા પરિણામ મેળવતી શાળાઓને ૫૦ ટકા ગ્રાન્ટ મળતી હતી. હવે ગ્રાન્ટેડ શાળાઓને ૧૦૦ ટકા ગ્રાન્ટ મળશે તેમજ ૫૦ થી ૭૦ ટકા પરિણામ મેળવતી શાળાઓને ૭૫ ટકા ગ્રાન્ટ મળતી હતી. તો ૭૦ ટકા પરિણામ મેળવતી શાળાઓને ૧૦૦ ટકા ગ્રાન્ટ મળતી હતી. પરંતુ શાળાની ગ્રાન્ટ પરિણામના આધારે કાપ મુકવામાં નહી આવે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

કુદરત જ્યારે મુશ્કેલી વધારે છે, ત્યારે સમજદારી પણ વધારી દે છે.

- નુફાત

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.ફરવરદીન-૧૩૯૩, મુ. સફર-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, શ્રાવણ સુદ-૯ જીવન્તિકા વ્રત, વરદલક્ષ્મી વ્રત, શ્રી હરિ જયંતિ, બગીચા નોમ, નકુલ નોમ તા.૨૫ ઓગષ્ટ ૨૦૨૩, શુક્રવાર, પારસી તા.૧૦, મુસ્લિમ તા.૮, અનુરાધા નક્ષત્ર, વૈધૃતિ યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૬:૩૨, સૂ.અ.૭:૧૪

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: આરોગ્ય અંગે સાવધાની રાખવી. અવરોધો પાર કરી શકશો.
વૃષભ: વ્યર્થ દોડા-દોડી રહે. ખર્ચનું પ્રમાણ વિશેષ રહે.
મિથુન: મહેનતનું શુભ ફળ મળે. અગત્યના કાર્યમાં પ્રગતિ રહે.
કર્ક: સાહસિક કાર્યમાં નિષ્ફળતા મળે. ખર્ચનું પ્રમાણ વધે.
સિંહ: ધાર્યા કાર્યો અટકી પડશે. મનમાં નિરાશા ઉદ્ભવે.
કન્યા: મૂંઝવણમાંથી માર્ગ મળે. નોકરી-ધંધામાં પ્રગતિ રહે.
તુલા: નાણાંભીડ દૂર થાય. સ્નેહિથી લાભ મળે.
વૃશ્ચિક: અગત્યના કાર્યમાં સફળતા મળે. લાભની તક સાંપડે.
ધન: કાર્યબોજમાં હળવાશ અનુભવાય. ગૃહવિવાદના યોગ છે.
મકર: મનની મુરાદ બર આવે. આકસ્મીક મુસાફરી થાય.
કુંભ: ગુપ્ત ચિંતા સતાવે. નાણાંકીય લાભ થાય.
મીન: ભાગીદારી વર્ગથી લાભ થાય. ચિંતાનો ઉકેલ મળે.

## શ્રાવણ સત્સંગ

### ... અને ભગવાન શંકર નીલકંઠ કહેવાયા



અમૃત પી અમર થઈ જવાય તે અમૃતને પ્રાપ્ત કરવા માટે દેવતાઓ અને દાનવોએ સાથે મળી અને સમુદ્રમંથનની ક્રિયા આરંભી મંદિરાચલ પર્વતનો રેવૈયો બનાવ્યો અને વાસુકી નાગને દોરડું બનાવી અને જ્યારે આ સમુદ્રમંથનની ક્રિયાનો આરંભ કર્યો એટલે સમય-સમય પર તેમાંથી એક પછી એક વસ્તુઓ ઉત્પન્ન થવા લાગી. દેવતાઓ અને દાનવોએ અંદરો-અંદર વહેચી લીધી.

જેમાં અનુક્રમે ઝેર ઉત્પન્ન થયું. હળાહળ ઝેર ઉત્પન્ન થયેલું જોઈ દેવતાઓ અને દાનવો ખુબ જ ગભરાઈ ગયા. હવે આ ભયંકર એવા હળાહળ ઉત્પન્ન થયેલા ઝેરને ગ્રહણ કોણ કરે ? દેવતાઓ અને દાનવો મુંઝાયા એટલે તેઓ સીધા જ બ્રહ્માજીના શરણે ગયા. બ્રહ્માજીએ સૌને ગભરાયેલા જોઈ અને તેમની ગભરાટનું અને આવવાનું કારણ પુછ્યું.

‘તમે દેવો અને દાનવો શા માટે ગભરાયેલા છો ? અને અહીં મારી પાસે આવવાનું પ્રયોજન શું છે ?

ત્યારે દેવતાઓ અને દાનવોએ બહ્માજીને સઘળી હકિકત સંભળાવી. આ સાંભળી અને બ્રહ્માજીએ તેમને કહ્યું, ‘ આનુ નિરાકરણ કરવાનું કામ મારી શક્તિ બહાર છે. માટે ચાલો આપણે સૌ મળી અને રૂદ્ર એવા ભગવાન શ્રી શંકરના શરણે જઈએ. જે આનું યોગ્ય નિરાકરણ કરી શકશે એવો મને પુરો વિશ્વાસ છે.’

આ પ્રમાણસ બ્રહ્માજી અને દેવતાઓ તથા દાનવો સૌ સાથે મળી અને ભગવાન શ્રી શંકરના શરણે ગયા. તેમના પાસો કૈલાસમાં જઈ અને સૌ સાથે મળી અને શિવજીની સ્તૃતિ કરવા માંડી. તેમાંય બ્રહ્માજીએ તો ખુબ જ સારી રીતે શીવજીની સ્તુતિ કરી. ત્યારે, શિવજીએ તેમને આવવાનું કારણ પુછ્યું. ત્યારે બ્રાહ્મણએ બનેલી પુરી ઘટનાનું વર્ણન શિવજી પાસે કર્યું અને શિવજીને તે ઝેર પીવા માટે સૌએ વિનંતી કરી અને કહ્યું, હે દયાના સાગર, આપ તો જગતનું કલ્યાણ કરનારા છો. આજે આ કાતિલ હળાહળ ઝેર જો વધુ સમય રહેશે તો તેનાથી સમગ્ર જગતને અસર થશે. તેના લીધે મોટો વિનાશ થશે. માટે પ્રભુ વહેલી તકે તેનું પાન કરી અને જગતનું કલ્યાણ કરો. હે નાથ, આ ઝેરને તમારા સિવાય બીજો કોઈપણ સાચવી શકે તેવા આ જગતમાં નથી.

આમ, વારંવાર વિનંતી કરતા બ્રહ્માજી તથા દેવો અને દાનવોને જોઈ અને દયાના સાગર ભોળાનાથ તો એ ઝેરનું પાન કરવા ડમાટે તત્પર બની ગયા.

ભગવાન શ્રી શિવજીએ જ્યારે કાતિલ ઝેર ગટગટાવ્યું ત્યારે તે પેટમાં ન ઉતરતા કાયમને માટે ગળામાં ધારણ કર્યું. જેથી તેમના ગળાનો ભાગ નીલો થઈ ગયો. જેને કારણે ભગવાન શ્રી શિવજી જગતમાં નીલકંઠ મહાદેવના નામે પ્રસિધ્ધ થયા.

**કનકચંદ્ર છગનલાલ વ્યાસ**

**દેવેન કનકચંદ્ર વ્યાસ**

# સેન્ટ્રલ વિજિલન્સ કમિશનના રિપોર્ટ મુજબ, કેન્દ્રીય ગૃહ મંત્રાલય ભ્રષ્ટાચારની ફરિયાદોમાં ટોચ ઉપર છે

નવી દિલ્હી, તા.૨૫

સેન્ટ્રલ વિજિલન્સ કમિશન (CVC)એ તેના વાર્ષિક અહેવાલમાં જણાવ્યું છે કે, તેને ૨૦૨૨માં કેન્દ્રીય ગૃહ મંત્રાલય (MHA)ના અધિકારીઓ અને કર્મચારીઓને લગતી ભ્રષ્ટાચારની સૌથી વધુ ફરિયાદો મળી છે. આ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, તેને તમામ વિભાગોમાં ૩૧ ડિસેમ્બર, ૨૦૨૨ સુધીમાં કુલ ૧,૧૫,૨૦૩ ફરિયાદો મળી છે. આમાંથી ૮૫,૪૩૭ ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો હતો, ૨૯,૭૬૬ પેન્ડિંગ હતી અને ૨૨,૦૩૪ ત્રણ મહિના કરતાં વધુ સમયથી પેન્ડિંગ હતી. MHA (૪૬,૬૪૩) સંબંધિત ફરિયાદોની સૌથી વધુ સંખ્યા છે, ત્યારબાદ રેલવે (૧૦,૫૮૦) અને બેંકો (૮૧૨૯) છે. CVCએ કેન્દ્ર સરકારની માલિકીની અથવા નિયંત્રિત અને કમિશનના સલાહકાર અધિકારક્ષેત્ર હેઠળ આવરી લેવામાં આવતી સંસ્થાઓના તકેદારી વહીવટની દેખરેખ રાખતી સર્વોચ્ચ એજન્સી છે તેનો હેતુ ભ્રષ્ટાચારનો સામનો કરવા અને વહીવટી તંત્રને પારદર્શક અને ઉદ્દેશ્યપૂર્ણ બનાવવાનો છે.

**MHA, રેલવે અને બેંકિંગમાં સૌથી વધુ ભ્રષ્ટાચારની ફરિયાદો :-**

અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, MHAના અધિકારીઓ અને કર્મચારીઓ સામે મળેલી ૪૬,૬૪૩ ફરિયાદોમાંથી ૨૩,૯૧૯નો નિકાલ કરવામાં આવ્યો હતો; ૨૨,૭૨૪ પેન્ડિંગ છે અને ૧૯,૧૯૮ ત્રણ મહિના કરતાં વધુ સમયથી પેન્ડિંગ છે. આ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, તેને રેલવે સંબંધિત ૧૦,૫૮૦ ફરિયાદો મળી હતી, જેમાંથી ૯૬૬૩નો નિકાલ કરવામાં આવ્યો હતો, ૯૧૭ પેન્ડિંગ હતી અને નવ ત્રણ મહિનાથી વધુ સમયથી પેન્ડિંગ હતી. બેંકોના કર્મચારીઓ અને અધિકારીઓ સામેની ૮,૧૨૯ ફરિયાદોમાંથી ૭,૭૬૨નો નિકાલ કરવામાં આવ્યો હતો,




૩૬૭ પેન્ડિંગ હતી અને ૭૮ ત્રણ મહિના કરતાં વધુ સમયથી પેન્ડિંગ હતી.

આ રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યુંછે કે, રાષ્ટ્રીય રાજધાની પ્રદેશ દિલ્હી સરકારના કર્મચારીઓ વિરૂધ્ધ ૭,૩૭૦ ફરિયાદો છે. તેમાંથી ૬૮૦૪નો નિકાલ કરવામાં આવ્યો હતો અને ૫૬૬ પેન્ડિંગ હતી, જેમાં ત્રણ મહિના કરતાં વધુ સમયથી ૧૮નો સમાવેશ થાય છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, ૨૦૨૨માં ૧૬ વિભાગોમાં કમિશનની સલાહથી વિચલનના ૨૭ કેસ હતા. જેમાં રેલવે મંત્રાલય (૭), ભારત સંચાર નિગમ લિમિટેડ (૧), ચિદમ્બરનાર પોર્ટ ઓથોરિટી (૧), સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (૨), ન્યૂ ઈન્ડિયા એશ્યોરન્સ કંપની લિમિટેડ (૧), ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ બેંક ઓફ ઈન્ડિયા (૧), સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ બેંક ઓફ ઈન્ડિયા (૧), ભારત કોકિંગ કોલ લિમિટેડ (૧), કોલસા મંત્રાલય (૨), ન્યુક્લિયર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (૨), બર્ડ ગ્રુપ ઓફ કંપનીઝ (૧), ટેક્સટાઈલ મંત્રાલય (૧), દ્રમ્ઝઝ (ઈન્ડિયા) લિમિટેડ (૩), દિલ્હી સ્ટેટ ઈન્ડસ્ટ્રીયલ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ કોર્પોરેશન (૧), દિલ્હી જલ બોર્ડ (૧) અને દિલ્હી ટ્રાન્સકો લિમિટેડ (૧).

કમિશનની સલાહનો સ્વીકાર ન કરવો એ તકેદારી પ્રક્રિયાને અસર કરે છે અને તકેદારી વહીવટની નિષ્પક્ષતાને નબળી પાડે છે. જો કે, નિર્ધારિત પ્રક્રિયામાંથી વિચલન અથવા કમિશનની સલાહનો સ્વીકાર ન કરવાના અનેક કિસ્સાઓ છે.

**CVCની સલાહમાંથી વિચલનના કેટલાક મુખ્ય ઉદાહરણો છે :-**

**રેલવે મંત્રાલય :-** ચીફ વર્કશોપ મેનેજર (CWM) તરીકે કામ કરતી વખતે એક અધિકારીએ તત્કાલીન (વરિષ્ઠ વિભાગ એન્જિનિયર (SSE)ને સપ્લાયર સાથે તેના મિત્ર તરીકે રજૂ કરીને અને તેના દ્વારા ૨૫,૦૦૦ રૂપિયાની લાંચની માગણી કરીને ગંભીર ગેરવર્તણૂક કરવા માટે જવાબદાર હોવાનું જણાયું હતું. જયારે સીવીસીએ આ કેસમાં મોટો દંડ લાદવાની સલાહ આપી હતી, ત્યારે રેલવે બોર્ડે તેને નિર્દોષ જાહેર કરવાનો નિર્ણય કર્યો હતો જેને કમિશને તેની સલાહમાંથી 'વિચલન' હતું.

**દિલ્હી જલબોર્ડ :-** રાજ નિવાસ ખાતે ડિઝાઈન-બિલ્ડ ઓપરેટ ધોરણે ૫૦ કિલો લિટર પ્રતિ દિવસના સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (STP) અને અન્ય સંલગ્ન કામોના બાંધકામના કામ માટે ટેન્ડરિંગ પ્રક્રિયામાં અનિયમિતતાઓ મળી આવી હતી. કમિશને મોટો દંડ લાદવાની સલાહ આપી હતી પણ શિસ્ત અધિકારીએ અધિકારીને દોષમુક્ત કર્યા હતા.

**ટેક્સટાઇલ મંત્રાલય :-** નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન ટેક્નોલોજી (NIFT) ભૂવનેશ્વરના એક આસિસ્ટન્ટ પ્રોફેસર ટેન્ડર મૂલ્યાંકનમાં ઘોર ઉલ્લંઘન માટે અને વર્ક ઓર્ડરનું ઉલ્લંઘન કરીને ફર્મને નહીં પણ સીધું જ વ્યક્તિગતને ચૂકવવાનો પ્રસ્તાવ આપવા માટે જવાબદાર હોવાનું જણાયું હતું. શિસ્ત સત્તાધિકારી દ્વારા મોટો દંડ લાદવામાં આવ્યો હતો, ત્યારે એપેલેટ ઓથોરિટીએ બાદમાં અધિકારીને નિર્દોષ જાહેર કર્યા હતા.

**કોલસા મંત્રાલય :-** ઈસ્ટર્ન કોલફિલ્ડ્સ લિમિટેડ (ECL)એ હેવી અર્થ મૂવિંગ મશીનરી (HEMM)ને મોહનપુર, સલાનપુર વિસ્તારના OCP પેચ અને જાંબડ ઓપન કાસ્ટ પ્રોજેક્ટ (OCP) કજોરામાંથી ઓવરબર્ડન દૂર કરવા, નિષ્કર્ષણ અને કોલસાને દૂર કરવા માટે કોન્ટ્રાક્ટ આપ્યો. આ કોન્ટ્રાક્ટ ફોરક્લોઝ કરવામાં આવ્યા હતા અને રિટેન્ડરિંગમાં ઊંચા દરે એનાયત કરવામાં આવ્યા હતા. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, તેની સલાહથી મોટા વિચલન બદલ બે અધિકારીઓને મુક્ત કરવામાં આવ્યા હતા.

અહેવાલમાં જણાવાયું છે કે, સંસ્થાઓના મુખ્ય તકેદારી અધિકારીઓ (CVOs)ના વાર્ષિક અહેવાલોના આધારે CVO દ્વારા કાર્યવાહી કરાયેલા અધિકારીઓની તમામ શ્રેણીઓ માટે ૬,૫૦૧ કેસોમાં મોટી દંડની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. આના પરિણામે ૫૨૯૮ કેસોમાં મોટો દંડ અને ૫૫૨ કેસોમાં નજીવો દંડ અથવા ચેતવણીઓ આપવામાં આવી અને ૬૫૧ કેસમાં દોષમુક્ત જાહેર થયા છે. ૨૦૨૨ દરમિયાન આ અહેવાલમાં જણાવાયું હતું કે, પ્રક્રિયા હેઠળની કુલ ૧૮૪૯ વિભાગીય પૂછપરછમાંથી ૮૮૦ પૂર્ણ કરવામાં આવી હતી અને ૯૬૯ બાકી હતી. અહેવાલમાં જણાવાયું છે કે, દંડ અને વહીવટી કાર્યવાહી સહિત ગેરવર્તણૂક કરનારા અધિકારીઓ સામે શિસ્તભંગની કાર્યવાહી કરનાર કેટલીક મોટી સંસ્થાઓમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (૩૪૬), રેલવે મંત્રાલય (૧૪૨), સેન્ટ્રલ બોર્ડ ઓફ પરોક્ષ કર અને કસ્ટમ્સ (૮૮), એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન (૮૫), ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ (૭૯), યુનિયન બેંક ઓફ ઈન્ડિયા (૬૮), ભારત કોકિંગ કોલ લિમિટેડ (૬૪) છે.

# SC, ST, OBC અને લઘુમતી સમાજ પોતાના હક, અધિકાર અને સરકારની ભેદભાવ ભરી નીતિ સામે મહાપંચાયત યોજશે

ગાંધીનગર, તા.૨૫

તાજેતરમાં સત્યાગ્રહ છાવણી ગાંધીનગર ખાતે યોજેલ સ્વાભિમાન ધરણા જે બિન-રાજકીય આયોજન ઓજસ-ઓબીસી જન અધિકાર સમિતિ દ્વારા યોજવામા આવેલ, જેમાં ઓબીસી સમાજના તમામ સમાજિક અને ધાર્મિક આગેવાનો હાજર રહ્યા હતા, જેમાં મુખ્યત્વે આંદોલનનો પાયો નાખનાર અમિતભાઈ ચાવડા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શક્તિસિંહ ગોહિલ, પૂર્વ પ્રમુખ જગદીશભાઈ ઠાકોર, અર્જુનભાઈ મોઢવાડિયા, સેવાદળના ચેરમેન લાલજીભાઈ દેસાઈ સાથે ગુજરાત કોંગ્રેસના ધારાસભ્યો, પૂર્વ ધારાસભ્યએ તમામ નેતાગણ અને હજારો લોકો સમગ્ર ગુજરાતમાંથી હાજર રહ્યા હતા. આજના સ્વાભિમાન ધરણામાં અમિતભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ૮૨% વસ્તી ધરાવતા OBC, ST, SC, લઘુમતી સમાજને પોતાના હક અધિકાર માટે ધરણા કરવા પડે એજ બતાવે છે કે, ડબલ એન્જિન સરકારમાં ખૂબ જ અન્યાય થઈ રહ્યો છે. અમે સરકારમાં બેઠેલા ઓબીસી સમાજના નેતાઓને પણ આ ધરણામાં આવવાનુ આમંત્રણ આપેલું પણ કોઈ જ આવ્યા નહીં. સમાજની અવગણના કરીને તેઓ તેમના પક્ષના આદેશ મુજબ હાજર રહ્યા નહીં. અમે સરકારના નેતાઓ અને મંત્રીઓને કેહવા માંગીએ છીએ કે જે સમાજે તમને આ સ્થાન ઉપર બેસાડ્યા છે, જે સમાજના લીધે તમે ચૂંટાયા છો એ સમાજને જયારે તમારી જરૂરિયાત હોય ત્યારે તમારે પણ સમાજ માટેની લડાઈમાં મંચ ઉપર આવવું જોઈએ. ડબલ એન્જિનની સરકારમાં ગુજરાતના ઓબીસી સમાજના ગરીબોને ડબલ અન્યાય થઈ રહ્યો છે. એક તો રાજકીય રીતે અનામત નાબૂદ કરીને આ સમાજને ખતમ કરવાનું કામ થઈ રહ્યું છે અને બીજી બાજુ તેના માટે પૂરતું બજેટ નહીં ફાળવીને સમાજને ડબલ અન્યાય કરવામાં આવે છે. સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં અનામત નાબૂદ કરીને આ અન્યાયી સરકાર એક સંદેશો આપવા માંગતી હતી. રાજકીય રીતે અનામત ખતમ કરીને અને પરીક્ષણ કરીને સરકાર જોવા માંગતી હતી કે, આવનારા દિવસોમાં આ અનામત શિક્ષણ અને નોકરીઓમાંથી ખતમ કરે તો પ્રતિક્રિયા કેવી આવે છે પણ આ બિનરાજકીય ઓબીસી સમિતિને અભિનંદન કે આપણા સૌની પહેલથી આ લડાઈ શરૂ થઈને સરકારે જસ્ટીસ ઝવેરીની આગેવાનીમાં એક સમર્પિત આયોગ બનાવવું પડ્યું, જ્યાં ઓબીસી સમાજે પોતાની તમામ માંગણીઓ રજૂ કરી.

આવા સમયમાં જ્યારે ૭૧૨૦ ગ્રામ પંચાયતો, ૭૫ નગરપાલિકા, ૨ જિલ્લા પંચાયત, ૨૦ તાલુકા પંચાયતની ચૂંટણી થઈ શકી નથી અને ત્યાં વહીવટદારોનું શાસન ચાલે છે ત્યારે સૌના વતી અમે આ ચાર માંગો સરકાર સમક્ષ મૂકવા માંગીએ છીએ.

૧. જાતિ આધારિત વસ્તી ગણતરી કરવામાં આવે.

૨. સરકાર ઝવેરી આયોગનો રિપોર્ટ પ્રસિદ્ધ કરે અને તમામ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ઓબીસી સમાજને ૨૭% અનામત આપવામાં આવે.

૩. રાજય સરકારના બજેટમાં ઓબીસી સમાજ માટે ૨૭% રકમની અલગથી ફાળવણી કરવામાં આવે અને એસટી, એસસી. સબપ્લાનની જેમ ઓબીસી સબપ્લાન કમિટીઓ દરેક સ્તરે બનાવવામાં આવે.

૪. સહકારી સંસ્થાઓમાં એસટી, એસસી, ઓબીસી, લઘુમતી સમાજ માટે અનામત લાગુ કરવામાં આવે.

સામાજિક ન્યાય અધિકારીતા અંતર્ગત સરકારે બનાવેલા ૯ નિગમોમાંથી ૮ નિગમોમાં SC/ST લઘુમતી સમાજના ઉત્કર્ષ માટે પ્રતિવર્ષ ૧૬૬ કરોડ ફાળવણી કરવામાં આવે છે જ્યારે ૧૮% વસ્તી જે બિનઅનામત વર્ગ માટે બનેલ નિગમમાં ૫૦૦ કરોડ ફાળવણી કરવામાં આવે છે. આ હળહળતો ભેદભાવ અને અન્યાય છે. જેમ બિન-અનામતના આંદોલન સમયે સૌ સમાજ ભેગા થઈને લડત લડ્યા હતા એજ રીતે આજે ગરીબોની લડાઈ માટે સૌ સમાજને અપીલ છે કે, આવો સૌ ભેગા થઈને આ લડત લડીએ. આવનારા સમયમાં શિક્ષણ, નોકરીઓ, અનામત, બજેટની ફાળવણી અને રાજકીય અનામતના સંદર્ભે એસસી, એસટી, ઓબીસી અને લઘુમતી સમાજ પોતાના હક અધિકાર અને સરકારની ભેદભાવ ભરી નીતિ સામે મહાપંચાયત બોલાવશે તેમ અમિતભાઈ ચાવડાએ જણાવ્યું હતું.

# લ્યો હવે... ઓછા વરસાદને લીધે વાવણીમાં ઘટાડો થતાં કઠોળના ભાવમાં ભડકો થઈ શકે છે

અમદાવાદ તા.૨૫

દેશમાં ટામેટાંના ભાવ ઘટી શકે છે, પરંતુ ફુગાવા સામેની લડાઈમાં કઠોળના ભાવ આગામી સમયમાં વધી શકે છે. ઓગસ્ટમાં ચોમાસું ઓછું રહેવાથી ખરીફ સિઝનમાં કઠોળના વાવેતર વિસ્તારમાં એક વર્ષ અગાઉની સરખામણીએ લગભગ ૧૦% જેટલો ઘટાડો થયો હતો. શાકભાજીના ભાવમાં ૩૭%ના ઉછાળાએ જુલાઈમાં છૂટક ફુગાવો ૧૫ મહિનાની ટોચે ૭.૪% સુધી પહોંચાડ્યો હતો, જ્યારે કઠોળના ભાવમાં પણ તાજેતરના મહિનાઓમાં તીવ્ર વધારો થયો છે, જે જૂનમાં ૧૦.૬%થી જુલાઈમાં ૧૩.૩% ઉપર પહોંચી ગયો છે. અર્થશાસ્ત્રીઓનું માનવું છે કે, તુવેર દાળ અને મગની દાળના ભાવ, જે જુલાઈમાં અનુક્રમે ૩૪.૧% અને ૯.૧% વધ્યા હતા, તે વધુ થવાની સંભાવના છે. આનું કારણ એ છે કે, દાળનો કુલ વાવણી વિસ્તાર ૧૮ ઓગસ્ટના રોજ ૧૧૪.૯ લાખ હેક્ટર છે તેમાં વાવણીની મોસમના અંતમાં ઓછા વરસાદ વચ્ચે વધુ સુધારો થવાની શક્યતા નથી. અનાજ અને ચોખા માટેનો વાવેતર વિસ્તાર, જે થોડા અઠવાડિયા પહેલા સુધી ગયા વર્ષના સ્તર કરતાં ઓછો હતો, તે હવે અનુક્રમે ૧.૬% અને ૪.૩% વૃદ્ધિ પામ્યો છે અને આગામી મહિનાઓમાં તેમના ભાવ વધારાને ઓછો કરવામાં મદદ કરી શકે છે. જો કે, કઠોળની વાવણીમાં આવી રિકવરી જોવામળી નથી. અડદ (-૬.૪%) અને તુવેર (-૧૫.૩%) બંનેની ઓછી વાવણી પાછળ, પાછલા સપ્તાહ ઓગસ્ટમાં -૭.૯%ની તુલનામાં, કઠોળનો વાવેતર વિસ્તાર હવે ગયા વર્ષના સ્તર કરતાં ૯.૨%નીચો છે. વાવણીની મોસમ પૂરી થવામાં હોવાથી કઠોળની વાવણી મોટાભાગે ઓછી થવાની ધારણા છે. બેંક ઓફ બરોડાના અર્થશાસ્ત્રી જ્હાનવી પ્રભાકરે જણાવ્યું હતું કે, આ ઘટાડાની અસર ફુગાવાના વલણો ઉપર પડી શકે છે. આ નાણાંકીય વર્ષની શરૂઆતથી કઠોળ, ખાસ કરીને તુવેરના ભાવમાં ૧૮-૨૦%નો વધારો થયો છે. આ ખરીફ પાક માટે વાવેલા વિસ્તારમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. આગામી મહિનાઓમાં વધુ ભાવ વધારાની અપેક્ષાઓ છે. શુભદા રાવ, વિવેક કુમાર અને યુવિકા સિંઘલના અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે, શાકભાજીના ભાવમાં અસ્થિરતામાં ઓગસ્ટ પછી પણ રાહત મળી શકે છે, પરંતુ ખાસ કરીને અનાજ અને કઠોળના ભાવમાં સતત વધારો થવાની શકયતા છે. અનાજમાં જુવારની વાવણી એક વર્ષ અગાઉ કરતાં ૭.૩% ઓછી છે, પરંતુ બાજરી અને મકાઈ ગયા વર્ષની સરખામણીએ નજીવી રીતે વધારે છે. ૧૮ ઓગસ્ટ સુધીમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસું તેની લાંબા ગાળાની સરેરાશ (LPA)થી ૬% ઓછું રહ્યું છે, જેમાં UP, બિહાર, ઝારખંડ અને કેરળ સહિતના કેટલાક રાજયોમાં હજુ પણ ઓછો વરસાદ રહ્યો છે. ચિંતાજનક રીતે દેશના જળાશયોનું સ્તર પણ નીચું છે, ૧૭ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ કુલ ક્ષમતાના ૬૨% ઉપર હતું, જે છેલ્લી સિઝનમાં ૭૬% હતું. પશ્ચિમ ક્ષેત્રમાં જળાશયનું સ્તર નોંધપાત્ર રીતે નીચું છે, ગયા વર્ષે ૮૪%ની સરખામણીએ તેની ક્ષમતાના ૬૮% પર છે, પૂર્વીય પ્રદેશ (ગત વર્ષે ૫૨%ની સામે ક્ષમતાના ૩૮%) અને દક્ષિણ પ્રદેશ (છેલ્લા વર્ષના ૮૭% ક્ષમતાની સામે ક્ષમતાના ૫૩%) છે. જુલાઈમાં કઠોળનો ફુગાવો વધ્યો હતો, જયારે અન્ય પ્રોટીન સ્ત્રોતો જેમ કે દૂધ (૮.૬%) અને માંસ અને માછલીમાં પણ ગયા મહિને ઉચ્ચ ફુગાવો હતો. જો કે, ઈંડાનો ફુગાવો જૂનમાં ૭.૫ ટકાથી ઘટીને જુલાઈમાં ૩.૮ ટકા થયો હતો. સ્થાનિક ભાવ ઘટાડા માટે સરકારે આ મહિને નેપાળમાંથી ટામેટાંની આયાત શરૂ કરી છે અને ગયા શનિવારે ડુંગળી ઉપર ૪૦% નિકાસ કરી છે. જૂનમાં આયાતકારો, મિલરો અને તુવેર દાળના વેપારીઓ ઉપર સ્ટોક મર્યાદા લાદવામાં આવી હતી અને ગ્રાહક બાબતોના મંત્રાલયે આ વર્ષે ૧૨ લાખ ટન દાળની આયાત કરવાની યોજના જાહેર કરી હતી, જે ગયા વર્ષની આયાતની તુલનામાં ૩૫% વધુ છે. મ્યાનમારથી અડદની દાળની આયાત કરવાની પણ યોજના છે.

### આગામી ચૂંટણીમાં આ એક રાજકીય મુદ્દો પણ બને તેવી શક્યતા છે

# કેનેડામાં જોબ પછી હવે મકાન મળવા પણ મુશ્કેલ; સ્ટુડન્ટ વિઝાની સંખ્યા ઘટાડવા માટે પણ વિચારણા

**૨૦૨૨ના આંકડા પ્રમાણે કેનેડામાં લગભગ ૮ લાખથી વધારે ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ ભણતા હતા, ૨૦૧૨ વર્ષમાં આ સંખ્યા માત્ર ૨.૭૫ લાખ હતી**



નવી દિલ્હી, તા.૨૫

ક્વોલિટી એજ્યુકેશન માટે ભારતથી કેનેડા જઈ રહેલા યુવાનોની સંખ્યા દર વર્ષે વધતી જાય છે. કેનેડા અત્યારે ભારતીય સ્ટુડન્ટ્સ માટે એક ફેવરિટ દેશ બની ગયો છે. પરંતુ તેના કારણે સ્થિતિ એવી સર્જાઈ છે કે કેનેડામાં પણ તકલીફો વધી રહી છે. ભારતથી કેનેડા ગયેલા યુવાનોને જોબ મળવી તો મુશ્કેલ છે જ, સાથે સાથે હવે હાઉસિંગની પણ અછત પેદા થઈ છે. એક રીતે જોવામાં આવે તો કેનેડામાં અત્યારે હાઉસિંગ ક્રાઈસિસ ચાલે છે અને તેના માટે વિદેશી સ્ટુડન્ટ્સની વધતી સંખ્યાને જવાબદાર ગણવામાં આવે છે. તેના કારણે કેનેડાએ સ્ટુડન્ટ વિઝાની સંખ્યા ઘટાડવા વિચારણા શરૂ કરી છે જેથી બહારના વિદ્યાર્થીઓની સંખ્યા ઘટાડી શકાય. કેનેડામાં સ્ટુડન્ટ્સના કારણે મકાનોની એટલી બધી ડિમાન્ડ છે કે ભાડાના દર એકદમ વધી ગયા છે. હવે હાઉસિંગ મિનિસ્ટર સિન ફ્રેઝરે જણાવ્યું કે તેઓ સ્ટુડન્ટ વિઝા ઉપર અંકુશ રાખવા વિચારે છે જેથી હાઉસિંગ કટોકટી ટાળી શકાય. ૨૦૨૨ના આંકડા પ્રમાણે કેનેડામાં લગભગ ૮ લાખથી વધારે ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ ભણતા હતા. ૨૦૧૨માં આ સંખ્યા માત્ર ૨.૭૫ લાખ હતી. એટલે કે એક દાયકામાં સ્ટુડન્ટની સંખ્યા ત્રણ ગણી વધી ગઈ છે. કેનેડાએ ઈમિગ્રેશનના નિયમો હળવા કર્યા અને વર્ક પરમિટની સગવડ આપી ત્યાર પછી તો દર વર્ષે લાખોની સંખ્યામાં વિદ્યાર્થીઓ આ દેશમાં આવી રહ્યા છે, જ્યાં તેમને ક્વોલિટી એજ્યુકેશનની સાથે સાથે રહેવાની પણ તક મળે છે. સિન ફ્રેઝર ગયા મહિના સુધી કેનેડાના ઈમિગ્રેશન મંત્રી હતા અને હવે તેઓ હાઉસિંગ મંત્રી બન્યા છે. તેથી તેમને આખી સમસ્યાની જાણકારી છે. તેમણે કહ્યું કે મોટી સંખ્યામાં વિદેશી વિદ્યાર્થીઓ કેનેડા આવતા હોવાના કારણે મકાનોની અછત પેદા થઈ છે અને ભાડા એટલા બધા વધી ગયા છે કે મોટા ભાગના લોકોને પોસાય તેમ નથી. તેમણે કહ્યું કે હાઉસિંગની કટોકટી ઉકેલવા માટે વિદેશી સ્ટુડન્ટને આપવામાં આવતા વિઝા ઉપર અંકુશ મુકી શકાયછે. જોકે, સરકારે હજુ આ વિશે નિર્ણય નથી લીધો. કેનેડાએ જે ઈમિગ્રેશન પ્રોગ્રામ લાગુ કર્યો છે તે ટેમ્પરરી હતો. તેને આટલા ટૂંકા ગાળામાં જોરદાર સફળતા મળશે અને મોટી સંખ્યામાં વિદેશી વિદ્યાર્થીઓ કેનેડા આવી પહોંચશે તેની સરકારે કલ્પના પણ નહોતી કરી. હવે જ્યારે સ્ટુડન્ટને મકાન મળવા પણ મુશ્કેલ છે ત્યારે સરકાર સામે એક ચેલેન્જ પેદા થઈ છે. કેનેડાની હાઉસિંગ કટોકટી હવે એક રાજકીય મુદ્દો પણ બની ગયો છે. વિરોધપક્ષના નેતાઓનો આરોપ છે કે કેનેડાની જસ્ટિન ટ્રૂડો સરકાર આ મુદ્દે સરખી રીતે કામ નથી કરતી. કેનેડામાં ૨૦૨૫માં ચૂંટણી યોજાવાની છે ત્યારે આ મુદ્દે સરકારને ઘેરવામાં આવે તેવી શક્યતા છે. કેનેડા ચાર કરોડની આસપાસ વસતી ધરાવતો દેશ છે જેમાં દર વર્ષે પર્મેનન્ટ રેસિડન્ટની સંખ્યા વધતી જાય છે. વર્ષ ૨૦૨૫માં લગભગ પાંચ લાખ જેટલા નવા પર્મેનન્ટ રેસિડન્ટને વસાવવા માટે કેનેડાએ પ્લાન બનાવ્યો છે. તેથી માત્ર સ્ટુડન્ટ વિઝા ઉપર અંકુશ મુકવાથી હાઉસિંગની કટોકટી દૂર નહીં થાય તેવું સરકાર પણ સમજે છે. હાઉસિંગ ઉપરાંત અહીં જોબની કટોકટી પણ પેદા થઈ છે. અહીં વિદેશથી આવતા મોટા ભાગના વિદ્યાર્થીઓ ભણવાની સાથે સાથે ક્યાંક કામ કરવાની પણ યોજના ધરાવતા હોય છે. પરંતુ તેમને મોટા ભાગે તેમની લાયકાત પ્રમાણે કામ નથી મળતું. તેના કારણે તેમણે ઘણી વખત લેબર વર્ક કરવું પડે છે અથવા બેકાર રહેવું પડે છે. કેનેડાની આગામી ચૂંટણીમાં જોબ કટોકટી પણ એક મુદ્દો બને તેવી શક્યતા છે.

# રશિયાએ ભારતને ઇ-વિઝા સુવિધા આપી

(એજન્સી) તા.૨૫

રશિયાએ ભારતના લોકોને ઈ-વિઝા સુવિધા આપવાનો નિર્ણય કર્યો છે. આ સુવિધા મળ્યા બાદ હવે ઘરે બેઠા કોઈપણ ભારતીય રશિયા માટે ઈ-વિઝા મેળવી શકશે. હવે વિઝા માટે એમ્બેસી જવાની જરૂર નથી. અત્યાર સુધી વિઝા મેળવવા માટે રશિયન એમ્બેસી અથવા કોન્સ્યુલેટ જવું પડતું હતું. આ સુવિધા તાત્કાલિક અસરથી અમલમાં આવી છે. તેનો અમલ ૧ ઓગસ્ટ, ૨૦૨૩થી કરવામાં આવ્યો છે. જે ભારતીય નાગરિકો રશિયા જવા માંગે છે, તેમણે રશિયાના વિદેશ મંત્રાલયની વેબસાઈટ ઉપર જઈને અરજી કરવાની રહેશે. રશિયાએ ઓછામાં ઓછા ૪૦ દિવસ અગાઉ અરજી કરવાની સલાહ આપી છે.

**પાસપોર્ટ સ્કેનિંગ :-** એપ્લિકેશન માટે વિદેશ મંત્રાલયની વેબસાઈટ ખોલતા પહેલા પાસપોર્ટના તે પેજને સ્કેન કરો અને તેને તમારી સિસ્ટમમાં સેવ કરો, જેમાં તમારા વિશેની મૂળભૂત માહિતી રેકોર્ડ કરવામાં આવી છે.

**ફોટોગ્રાફ :-** તમારા ફોટોગ્રાફની સોફ્ટ કોપી પણ રાખવાનું સૂચન કરવામાં આવે છે. ફોટો સામેથી લેવાયો હશે. આ બંને બાબતો અરજદારે અરજી સાથે અપલોડ કરવાની રહેશે. આ વિના વિઝાની પ્રક્રિયા કરવામાં આવશે નહીં.

**ફી :-** ઈ-વિઝા માટે US$ 35ની ફી ચૂકવવી પડશે. આ પેમેન્ટ પણ ઓનલાઈન થશે. તે પણ ધ્યાનમાં રાખવું જોઈએ કે તમારા ડેબિટ અથવા ક્રેડિટ કાર્ડ દ્વારા વિદેશી ચલણ ચૂકવી શકાય છે.

**૧૬ દિવસ માટે વિઝા, પરંતુ સમય વધારી શકાય છે :-** આ ઈ-વિઝા તમને ૧૬ દિવસ સુધી રશિયામાં રહેવાની મંજૂરી આપે છે. જો જરૂરી હોય તો, તેને મહત્તમ ૧૦ દિવસ સુધી લંબાવી શકાય છે. પરંતુ તેના માટે પણ અરજી કરવાની રહેશે.

**ઇ-મેઇલ દ્વારા અપડેટ્સ :-** અરજી કર્યા પછી તમને ઈ-મેઈલ દ્વારા તમામ અપડેટ્સ મળતા રહેશે. વેબસાઈટ ઉપર જઈને પણ વિઝાનું અપડેટ જાણવું સરળ બનશે. ત્યાં તમને ઉપલબ્ધ ડેશબોર્ડ ઉપર અપડેટ્સ મળતા રહેશે.

**કાળજીપૂર્વક અરજી કરો :-** સંભવિત સંદેશાઓમાંથી એક કે જે કોઈને મળી શકે છે તે એ છે કે, એપ્લિકેશન અધૂરી છે. તેથી પ્રક્રિયા કરી શકાતી નથી. વિનંતી કરેલી માહિતી નવેસરથી પ્રદાન કરો. ઉતાવળમાં ઘણી વખત અરજી કર્યા પછી જો ચૂકવણી ભૂલી જાય તો પણ તેની પ્રક્રિયા કરવામાં આવશે નહીં.

**રસીદ સાચવો :-** જો ચૂકવણી થઈ ગઈ હોય, તો રસીદ સાચવો, જેથી જરૂર પડ્યે તે ફરીથી આપી શકાય. જો આ બંને મેસેજ ન હોય તો ત્રીજો મેસેજ આવશે કે એપ્લિકેશન ઉપર પ્રક્રિયા થઈ રહી છે. જો પ્રક્રિયા દરમ્યાન આપવામાં આવેલી માહિતી કોઈપણ કારણોસર ખોટી હોવાનું જણાય છે, તો અરજી તમને પાછી મોકલવામાં આવશે અને તમે સાચી માહિતી સાથે ફરીથી અરજી કરશો.

**કન્ફર્મેશન મેસેજ :-** તમને પ્રોસેસ પૂરી થવાનો મેસેજ પણ મળશે. મંજૂરી મળ્યા પછી ઈ-વિઝા ડાઉનલોડ કરવાની લિંક ઈ-મેઈલ ઉપર મોકલવામાં આવશે. તેની પ્રિન્ટ લેવાની રહેશે, જે ભારતથી ઉડાન ભરતા પહેલાથી લઈને રશિયા પહોંચવા સુધી ઘણી વખત જરૂર પડશે. તમારી સાથે એક કરતાં વધુ પ્રિન્ટ રાખવાનું વધુ સારૂં છે. બે ડઝનથી વધુ દેશોએ ભારતને ઈ-વિઝાની સુવિધા આપી છે. ત્રણ ડઝન દેશો એવા છે જ્યાં વિઝા ઓન અરાઈવલની સુવિધા ઉપલબ્ધ છે. એવા બે ડઝનથી વધુ દેશો છે જ્યાં વિઝાની જરૂર નથી, માંગણી ઉપર આઈડી આપવું પડશે. દુનિયાનો સૌથી મજબૂત પાસપોર્ટ સિંગાપોરનો છે, જેને ૧૯૨ દેશોમાં વિઝાની જરૂર નથી. હેનલીના રિપોર્ટ અનુસાર ભારતનો રેન્ક વિશ્વમાં ૮૦મો છે. ગયા વર્ષે તે ૮૭મા ક્રમે હતો.

## ૪ ઓગસ્ટ વિશ્વ ગુજરાતી ભાષા દિવસ : 'જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં સદાકાળ ગુજરાત'

# ૨૫ વર્ષોના પ્રયત્નો બાદ તૈયાર થયેલો ૪૫ લાખથી વધુ શબ્દો ધરાવતો ગુજરાતી ભાષાનો સર્વપ્રથમ ડિજિટલ શબ્દકોશ 'ગુજરાતી લેક્સિકન'

### અત્યાર સુધીમાં અંદાજિત ૪ કરોડ ૮૦ લાખથી વધુ લોકોએ 'ગુજરાતી લેક્સિકન' વેબસાઇટની મુલાકાત લીધી : વિશ્વકોશના ૧૭૦ વિષયનાં ૨૬,૦૦૦થી વધુ લખાણો ઓનલાઈન વિશ્વકોશ દ્વારા ઉપલબ્ધ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૫

ગુજરાતમાં આધુનિક ગુજરાતીના પ્રણેતા કવિ નર્મદાશંકર લાલશંકર દવે, કે જેઓ કવિ નર્મદના નામે જાણીતા છે, આજે તેમનો જન્મદિવસ છે. આજનો દિવસ ગુજરાતમાં વિશ્વ ગુજરાતી ભાષા દિવસના રૂપે ઉજવવામાં આવે છે. કવિ નર્મદાશંકર લાલશંકર દવેનો જન્મ ૨૪ ઓગસ્ટ, ૧૮૩૩ના રોજ સુરતમાં થયો હતો. અંધવિશ્વાસ અને ધાર્મિક અસહિષ્ણુતાના તેઓ વિરોધી હતા અને એક રાષ્ટ્ર, સ્વરાજ, અને રાષ્ટ્ર ભાષા વિશેનો વિચાર કરનાર તેઓ પ્રથમ હોવાનું મનાય છે. ગુજરાતીને સમૃદ્ધ કરવામાં કવિ નર્મદ અને ગોંડલના ભગવાનસિંહજીનો અમૂલ્ય ફાળો છે. તેઓએ ગુજરાતી ભાષા શબ્દકોશ વિકસાવવામાં વર્ષો વિતાવ્યા હતા. ૧૮૫૦માં મોડર્ન ગુજરાતી ભાષાના તેઓ પ્રણેતા હતા, જેમાં આગળ જતાં દલપતરામ, પ્રેમાનંદ, કાન્ત, કાકા કાલેલકર ગોવર્ધનરામ ત્રિપાઠી, કલાપી, ક.મા. મુનશી જેવા ધુરંધર ગુજરાતી શબ્દસાધકોએ ગુજરાતી ભાષાને નવો ઓપ આપ્યો. ગુજરાતની અસ્મિતાનું બીજું નામ ગુજરાતી ભાષા છે. ભાષાનું સંવર્ધન અને જતનની જવાબદારી કોઈ એક વ્યક્તિ કે સરકારની નહિ પરંતુ સમગ્ર સમાજની હોય છે. આજે આ ભાષાને વિશ્વ ફલક ઉપર પહોંચાડવાના અનેક પ્રયાસો થઈ રહ્યા છે, જેમાં ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને ગુજરાતી લેક્સિકન બંનેએ ગુજરાતી ભાષામાં કોઈએ ન કરી હોય એવી પ્રશંસનીય કામગીરી કરી છે. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ ગુજરાતી ભાષાની વિકાસયાત્રાનું એક મહત્ત્વનું સાથી રહ્યું છે. ઝડપથી બદલાતા આ સમયમાં આધુનિક ટેકનોલોજી જરૂરત બની ગઈ છે, આવા સમયે સ્વર્ગસ્થ રતિલાલ ચંદરિયાએ ગુજરાતી લેક્સિકનની પહેલ દ્વારા આપણી ભાષાના અમૂલ્ય શબ્દભંડારને ડિજિટાઈઝ કરીને ભાષા અમૂલ્ય અને અતુલ્ય સેવા કરી છે. આ અંગે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈએ કહ્યું કે, આજે અનોખી વિશ્વ સંસ્કૃતિ આકાર લઈ રહી છે, ત્યારે ગિરા-ગુર્જરી એ વિશ્વગુર્જરી બની છે અને તેથી ગુજરાતી વિશ્વકોશ (એન્સાઈકલોપીડિયા) અને ગુજરાતી લેક્સિકન હવે કદમથી કદમ મિલાવીને એક સાથે કામ કરીને ગુજરાતી ભાષાના પ્રસાર, પ્રચાર અને ઉત્કર્ષ માટે પ્રયત્ન કરી રહ્યા છે. 'જ્યાં જ્યાં વસે એ ગુજરાતી, ત્યાં સદાકાળ ગુજરાત એવી ઘટના વિશ્વકોશ સંચાલિત લેક્સિકોન દ્વારા થઈ છે. વિશ્વકોશના ૧૭૦ વિષયનાં ૨૬,૦૦૦થી વધુ લખાણો ઓનલાઈન વિશ્વકોશ દ્વારા વિશ્વભરમાં ઉપલબ્ધ બન્યાં છે. આજે વિશ્વના મોટાભાગના તમામ દેશોમાં ગુજરાતી ભાષા બોલાય છે, જેમાં ઓસ્ટ્રેલિયા હોય કે પછી ન્યુઝિલેન્ડ, દુબઈ, અમેરિકા, ઈંગ્લેન્ડ જેવા અનેક દેશોના અંદાજિત પોણા બે લાખ લોકો દર વર્ષે એમાંથી માહિતી પ્રાપ્ત કરે છે. વળી, આ લખાણો એના શીર્ષકથી, લેખકના નામથી અને વિષયથી સર્ચ કરી શકાય છે, તેમજ કમ્પ્યૂટર, લેપટોપ અને મોબાઈલમાં એ પ્રાપ્ત થાય છે. પચીસ વર્ષોના પ્રયત્નો બાદ તૈયાર થયેલો ૪૫ લાખથી વધુ શબ્દો ધરાવતો ગુજરાતી ભાષાનો સર્વપ્રથમ શબ્દકોશ 'ગુજરાતી લેક્સિકન' ઓનલાઈન ઉપલબ્ધ છે. સૌથી અગત્યની ખાસ વાત એ પણ છે કે અત્યાર સુધીમાં અંદાજિત ૪ કરોડ ૮૦ લાખથી વધુ લોકોએ આ વેબસાઇટની મુલાકાત લીધી છે. ભારત ઉપરાંત વિશ્વભરના દેશોના લોકોએ ગુજરાતી લેક્સિકન વેબસાઇટની મુલાકાત વારંવાર લેતા રહે છે. દર મહિને સવા લાખથી- દોઢ લાખ લોકો આ વેબસાઇટની વિઝિટ લે છે. ગુજરાતની ભાષાનું આ એક સ્થાન છે જ્યાં ગુજરાતી શબ્દોના અનેક અર્થ મળી રહે છે, આમ જુદી જુદી ભાષાઓ વચ્ચે તમારો તાલમેળ થાય છે. એટલું જ નહીં, જુદી જુદી માતૃભાષામાં ક્વિઝ મળે છે.

**ગુજરાતી વિશ્વકોશ વિશે**

ગુજરાતી ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિના સંવર્ધનનું કાર્ય કરતા ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ (અમદાવાદ)ની પ્રવૃત્તિનો પ્રારંભ અમદાવાદથી થયો. ગુજરાતી ભાષામાં સર્વપ્રથમ ગુજરાતી વિશ્વકોશ (encyclopedia)ની રચનાના ૧૯૮૫ની ૨જી ડિસેમ્બરે એના મુખ્ય સંપાદક ધીરુભાઈ ઠાકરની પ્રેરણા અને માર્ગદર્શનથી તથા કુમારપાળ દેસાઈ જેવા સાથી મિત્રોથી આરંભાયો. ૨૪ વર્ષના પુરૂષાર્થથી ગુજરાતી વિશ્વકોશના ૨૬ ગ્રંથોના 'અ'થી 'હ' સુધીના ૨૪,૦૦૦ પૃષ્ઠોમાં માનવ વિદ્યાના ૮૩૬૦, વિજ્ઞાનના ૮૦૮૩, સમાજવિદ્યાના ૭૬૪૦ એમ કુલ ૨૪,૦૮૩ અધિકરણો (લખાણો) સમાવેશ પામ્યાં છે. જેમાં ૧૧,૬૦૦ ચિત્રો અને આકૃતિઓ, ૭૬૪૭ લઘુચરિત્રો, ૫૬૩ વ્યાપ્તિ-લેખો અને ૨૪૬ અનૂદિત લેખોનો સમાવેશ થાય છે. આશરે ૧૫૯૩ જેટલા લેખકો દ્વારા આ લખાણો તૈયાર થયાં છે. એટલું જ નહીં, ૧,૭૩,૫૦,૦૦૦ જેટલી શબ્દસંખ્યા ધરાવતો ગુજરાતી ભાષાનો આ સર્વપ્રથમ બૃહદ વિશ્વકોશ છે.

**વિવિધ દેશના ૩ લાખ કરતાં વધુ લોકોએ વિશ્વકોશમાંથી માહિતી મેળવી**

પ્રથમ નવ ખંડની નવસંસ્કરણ ધરાવતી અદ્યતન માહિતી ધરાવતી દ્વિતિય આવૃત્તિ પ્રકાશિત થઈ છે. ૨૬,૦૦૦ પૃષ્ઠોમાં સમાવેશ પામેલાં ૨૪,૦૦૦થી વધુ લખાણો ઉપલબ્ધ છે. જે વિષય પ્રમાણે, લેખકના નામ પ્રમાણે, અધિકરણના નામ પ્રમાણે, એ ત્રણમાંથી કોઈ પણ એક રીતે કોમ્પ્યુટર કે મોબાઈલમાં જોઈ શકાશે. ભારત, અમેરિકા, ફ્રાન્સ, ઈંગ્લેન્ડ, સિંગાપોર, જર્મની, ઓસ્ટ્રેલિયા અને જાપાન વગેરે જેવા વિવિધ દેશના ૩ લાખ કરતાં વધુ લોકોએ વિશ્વકોશમાંથી માહિતી મેળવી છે. વધુ માહિતી માટે વેબાસાઈટની https://gujarativishwakosh.org મુલાકાત લઈ શકો છો.




**ગુજરાતી વિશ્વકોશ ગ્રંથ શ્રેણીની વિશેષતા**

ગુજરાતી વિશ્વકોશ ગ્રંથશ્રેણીની વિશેષતાઓની વાત કરીએ તો, ગુજરાતી ભાષામાં પ્રથમવાર તૈયાર થયેલો સર્વસંગ્રાહક વિશ્વકોશ (General Encyclopedia) છે. એક હજાર પાનાંનો એક એવા પચીસ ગ્રંથોની શ્રેણી છે. ગુજરાતની અસ્મિતાને ઉપસાવી આપતો ગુજરાતી ભાષા, સાહિત્ય, સંસ્કૃતિ, વિજ્ઞાન, વાણિજ્ય, ટેક્નોલોજી, ઉદ્યોગ, વિશિષ્ટ વ્યક્તિઓ, સંસ્થાઓ અને ગુજરાતી પ્રજાની તમામ ક્ષેત્રની પ્રવૃત્તિઓનો વિગતસમૃદ્ધ રસપૂર્ણ અધિકૃત પરિચય આમાં તમને મળશે. એટલું જ નહીં, નિષ્ણાતો દ્વારા લખાયેલા સ્વતંત્ર લેખો રૂપે વિશ્વ વિશે, ભારત વિશે અને ગુજરાતી વિશેની અદ્યતન તેમજ પ્રમાણભૂત માહિતી મળશે. અઢી કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલી આ ગ્રંથશ્રેણી વિદેશમાં વસતા ગુજરાતી સમાજ માટે મૂલ્યવાન સંસ્કારરક્ષક જ્ઞાનસાધનની ગરજ સારે છે.

**વિશ્વકોશ દ્વારા ઓનલાઇન પ્રસ્તુતિ**

વિશ્વકોશ દ્વારા યુટ્યુબ ચેનલ ઉપર દર રવિવારે ૧૦:૩૦ કલાકે બાળવાર્તા અને બાળગીતની પ્રસ્તુતિ કરવામાં આવે છે. વિશ્વકોશમાં થતા જ્ઞાન-વિજ્ઞાન વિષયક પ્રવચનોની ફેસબુક એકાઉન્ટ ઉપર લાઈવ કરવામાં આવે છે. ગુજરાતી વિશ્વકોશ ટ્રસ્ટે ઈ-બુક શ્રેણી શરૂ કરી છે, જેમાં ૨૦થી વધુ પુસ્તકો ઓનલાઈન મૂકવામાં આવ્યા છે.

## ચંદ્રયાન - થ્રીના સફળ લેન્ડિંગથી ખંભાળિયા શહેરમાં આતશબાજી અને ફટાકડાની ધુમ સાથે ભવ્ય ઉજવણી કરી

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા. ૨૫

સમગ્ર ભારત સાથે વિશ્વ જે ક્ષણની આતુરતાપૂર્વક રાહ જોઈ રહી હતી, તે ભારતના મહત્વના મૂન મિશન ચંદ્રયાન - ૩ ને મળેલી અદભુત સફળતાથી સમગ્ર દેશ સાથે ખંભાળિયા પંથકમાં પણ અનેરા ઉત્સવ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. ગત બુધવારે સાંજે ચંદ્રના સાઉથ પોલ ઉપર ભારતના ચંદ્રયાન થ્રીનું સફળતાપૂર્વક સોફ્ટ લેન્ડિંગ થતાં ખાસ કરીને ભારતના વિજ્ઞાનીકોને મળેલી આ અદભુત સફળતાની સમગ્ર વિશ્વમાં સરાહના થઈ રહી છે. સાથે સાથે ચંદ્રયાન થ્રીના ચંદ્ર ઉપર થયેલા સફળતાપૂર્વકના



ઉતરાણથી ખંભાળિયાવાસીઓએ આતશબાજી અને ફટાકડાની ધૂમ સાથે ભવ્ય ઉજવણી કરી હતી. જામનગર - દેવભૂમિ દ્વારકા જિલ્લાના સાંસદ પૂનમબેન માડમની ખાસ ઉપસ્થિતિમાં અહીંના શ્રી ખામનાથ મહાદેવના મંદિર ખાતે ચંદ્રયાનના લેન્ડિંગનું લાઈવ ટેલીકાસ્ટ યોજવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં કાર્યકરો જોડાયા હતા. ચંદ્ર ઉપર આપણું મૂન મિશન સફળ થતાં સર્વત્ર ભારત માતાનો જય ઘોષ જોવા મળ્યો હતો. સાથે સાથે અહીંના જુદા જુદા વિસ્તારોમાં લોકોએ ફટાકડા ફોડી અને ભારતીય વૈજ્ઞાનિકોની આ ભવ્ય સફળતાને આવકારી હતી. અહીંના જુદા જુદા વિસ્તારોમાં કરવામાં આવેલી આ સમગ્ર ઉજવણીમાં શહેર ભાજપ પ્રમુખ અનિલભાઈ તન્ના, હિતેન્દ્રભાઈ આચાર્ય, રસિકભાઈ નકુમ, રાજુભાઈ ભરવાડ, ઈન્દ્રજીતસિંહ પરમાર, પ્રભાતભાઈ ચાવડા, વિશ્વ હિન્દુ પરિષદના પ્રવિણસિંહ કંચવા અને મિલનભાઈ વારીયા, સહિતના આગેવાનો, હોદ્દેદારો કાર્યકરો જોડાયા હતા. વિશ્વમાં ભારત સૌપ્રથમ દેશ બન્યો છે કે જે ચંદ્રના સાઉથ પોલ ઉપર પોતાનો ઉપગ્રહ સફળતાપૂર્વક ઉતારી શક્યો છે. જે બાબતને વિશ્વભરમાં મહત્વની અને પ્રશંસનીય ગણવામાં આવી રહી છે.

## સોમનાથ એસટી ડેપો હવે થોડા દિવસોનું જ મહેમાન

### સોમનાથ ટ્રસ્ટના વાહન પાર્કીંગમાં સ્થળાંતર થશે અને તે પછીનું સ્થળાંતર તો યાત્રિકો-સોમનાથની પ્રજા અને પ્રવાસીઓને મોંઘાદાટ રીક્ષા ભાડાઓ ભોગવી ત્રસ્ત થવાનો સમય

(મિનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ તા.૨૫

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિરની કેટલીક વ્યવસ્થાઓ અને યાંત્રિક સુવીધાઓ ભારતભરમાં વખણાયેલ અને પ્રશંસનીય છે જેમાનું એક સોમનાથ એસટી ડેપો કે જયાંથી રાજયભરની બસો ઉપડે આવે છે તે સાવ મંદિર નજદીક જ છે. એટલે પ્રભાસ ગામના કે યાત્રિકો-પ્રવાસીઓને બસમાંથી ઉતર્યા પછી રીક્ષા કે અન્ય કોઈ વાહન ભાડે કરવાનો ખર્ચ જ થતો નથી. આ એસટી ડેપો સોમનાથ મંદિર ટ્રસ્ટ વિકાસ તે જગ્યામાં કરવા માંગતું હોય જેથી એસટી ડેપોને સોમનાથ ટ્રસ્ટ વાહન પાર્કીંગ એરીયામાં ટુંક દિવસોમાં જ ખસેડાશે. ટ્રસ્ટનો વિકાસ ઈચ્છનીય અને જરૂરી પણ છે પરંતુ તે બસ ડેપો સુચિત સ્થળાંતર ટેમ્પરરી નહીં પણ કાયમી રહેવું જોઈએ અને સોમનાથના રેલ્વેસ્ટેશન સામે



એસટી બસ ડેપો ન થવો જોઈએ કારણ કે લોકોને કમરતોડ રીક્ષા અને વાહનભાડાનો માર પડશે અને લાંબુ અંતર કાપવું પડી થાકથી લોથપોથ થશે. આ માટે સંવેદનશીલ અને માનવતાવાદી અભિગમ અપનાવી પાર્કીંગ વિસ્તારમાં જ ટેમ્પરરી નહીં કાયમી સ્થાન આપવું જોઈએ. અન્યથા વેણેશ્વર ખાઈ પાછળ કે અન્ય નજદીક સ્થળે જ નવું બસ સ્ટેશન બને તેવી વિચારણા અને અમલ કરવો જોઈએ.

## ખંભાળિયાની સરકારી સિવિલ હોસ્પિટલમાં મેડિકલ કોલેજથી હોસ્પિટલનું ખાનગીકરણ થશે : ઈશુદાન ગઢવી

### સરકારી હોસ્પિટલો સરકાર ખાનગીને પધરાવી દેવા માંગે છે : આપ

(કુંજન રાડિયા દ્વારા

જામ ખંભાળિયા તા.૨૫

દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ અને બોટાદમાં સરકારી મેડિકલ કોલેજો આપવામાં આવશે તેવી જાહેરાત સરકાર દ્વારા કરવામાં આવી છે. ખંભાળિયા તાલુકાના વતની અને તાજેતરમાં અહીંની વિધાનસભાની ચૂંટણી લડી ચૂકેલા આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ આ મુદ્દે તેમની પ્રતિક્રિયા આપતા જણાવ્યું છે કે, સરકારે ૨૦૧૬ માં જે જાહેરાત



કરી હતી કે પરંતુ એની જગ્યાએ આજે એ જગ્યાઓ ઉપર ખાનગી વ્યક્તિ કે ખાનગી ટ્રસ્ટ કે કોને લાભાર્થે ખાનગી મેડિકલ કોલેજ શરૂ કરવાની પેરવી કરી રહી છે અને અરજીઓ મંગાવવામાં આવી છે. એનો મતલબ કે જ્યાં સરકારી મેડિકલ કોલેજમાં એક વિદ્યાર્થી ૨૧ હજાર રૂપિયામાં ભણી શકે, એની જગ્યાએ હવે ખાનગી મેડિકલ કોલેજમાં ૯૦ લાખ રૂપિયાનો ખર્ચ કરીને ભણશે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે ગરીબ વિદ્યાર્થી ત્યાં એડમિશન નહીં લઈ શકે અને ખાનગી મેડિકલ કોલેજોને મફતમાં સરકારી હોસ્પિટલ વાપરવા મળશે. જે એજન્સી કે ટ્રસ્ટ આમાં જોડાશે એ લોકોના ઘી કેળા થઈ જશે. આ મુદ્દે આમ આદમી પાર્ટી આ બાબતની ઉગ્ર રજૂઆત કરશે અને જરૂરત પડી તો ઉગ્ર આંદોલન પણ કરશે. સરકારી હોસ્પિટલોમાં બેડ ઓછા છે એના બહાને જે બિલ્ડીંગો બનાવી છે તે પણ સરકાર ખાનગીને પધરાવી દેવા માંગે છે. છો. આના પરિણામે સરકારી હોસ્પિટલોમાં મળતી મફત સારવાર ઉપર કાપ લાગશે. આ બાબતને આપના પ્રદેશ પ્રમુખે એક મોટું ષડયંત્ર ગણાવ્યું છે. જેથી દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ અને બોટાદના લોકોને જાગૃત થવાની હાકલ કરી અને આ જગ્યા ઉપર સરકારી મેડિકલ કોલેજ જ શરૂ કરવી પડે એવી પરિસ્થિતિનું આપણે નિર્માણ કરવું પડશે.

## વરિયા વૈષ્ણવ પ્રજાપતિ જ્ઞાતિ દ્વારા દિવ્ય સત્સંગ યોજાયો





જૂનાગઢ, તા.૨૫

શ્રાવણ મહિનાના પવિત્ર દિવસે વરિયા વૈષ્ણવ પ્રજાપતિ જ્ઞાતિની મહિલા સત્સંગ મંડળ દ્વારા સુભાષભાઈ પાણીપુરીવાળાના નિવાસ સ્થાને દિવ્ય અને ભવ્ય સત્સંગ યોજાયો હતો. મંડળના લાભુબેન ચાચાપરા, નીતાબેન સચાણીયા, લતાબેન સચાણીયા, ભારતીબેન વસવેલીયા, સ્વાતિબેન વસવેલિયા, કૈલાશબેન વાડોલિયા તથા નીતાબેન ટાકોદ્રાએ શ્રી કૃષ્ણ ની બાળ લીલાઓનું સંગીતમય શૈલી માં રસગાન કર્યું હતું અને ભક્તિમય માહોલ સર્જ્યો હતો. આ પ્રસંગે હંસાબેન વસવેલીયા, રીટાબેન, અલ્પાબેન અને પારૂલબેન ઉપસ્થિત રહ્યા હતા.

## બંધાળા સરકારી શાળાની વિદ્યાર્થીની ચિત્ર સ્પર્ધામાં સમગ્ર જીલ્લામાં ત્રીજા ક્રમે

જૂનાગઢ, તા.૨૫

તાજેતરમાં યોજાયેલ જીલ્લા કક્ષાના યુવક મહોત્સવ ૨૦૨૩ કે જે જૂનાગઢની કાર્મેલ કોન્વેન્ટ સ્કુલ ખાતે યોજાયલ જેમાં સરકારી ઉ.મા. શાળા બંધાળાની ધો-૧૧ની વિદ્યાર્થીની દુધરેજીયા હિરલે ચિત્ર સ્પર્ધામાં સમગ્ર જીલ્લામાં ત્રીજો નંબર મેળવેલ હતો. આ સિધ્ધી મેળવવા બદલ શાળા પરીવાર, ગામ અને પરીવારજનોએ અભિનંદન આપેલ હતા.



## લોઢવા : માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા પ્રશ્નાવડાનું ગૌરવ

(ભોળા જાદવ દ્વારા)

લોઢવા, તા.૨૫

શાળાકીય રમત ઉત્સવ ૨૦૨૩-૨૪ અંતર્ગત આ શાળાના વિદ્યાર્થીઓએ કબડી ઈવેન્ટમાં ભાગ લીધેલ જેમાં બહેનોની અંડર ૧૭ ટીમ તથા ભાઈઓની અંડર ૧૯ ટીમ તાલુકા કક્ષાએ વિજેતા થયેલ છે. આ ટીમોને સફળ માર્ગદર્શન પૂરૂ પાડનાર રમતગમત શિક્ષક જી.એલ. ઝાલા તથા ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓને શાળા દ્વારા ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યા છે.




## ઉના એસટી બસ સ્ટેન્ડમાં સફાઈ અભિયાન હાથ ધરાયું

(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૨૫

અમરેલી એસટી ડિવિઝન હેઠળ આવેલ ઊના એસ. ટી. ડેપો મેનેજર એલ. ડી. રાઠોડ દ્વારા ડેપોના પ્લેટફોર્મ ઉપર, પાણીનું પરબ તેમજ વર્કશોપ વિભાગમાં સફાઈ કામદારો દ્વારા સફાઈ અભિયાન હાથ ધરવામાં આવીયુ હતું. સમગ્ર બસ સ્ટેશનમાં કચરો, ગંદકી સાફ કરી નિકાલ કરેલ, જંતુ નાશક દવાના પાણીથી સફાઈ કરી હતી. અમરેલી એસ. ટી ડિવિઝનના વિવિધ વિભાગના અધિકારી મોર્ધરિયા, દવે અને





અંસારીએ અચાનક ઊના આવી સરપ્રાઈઝ મુલાકાત લીધી હતી અને સફાઈ અને સ્વચ્છતા બદલ સંતોષ વ્યક્ત કરવામાં આવેલ હતો તેમજ તમામ સફાઈ કામદારોને ઊનાનું એસ. ટી. બસ સ્ટેશન કાયમી સ્વચ્છ રાખવા અને મુસાફરોને આરોગ્ય જળવાઈ તે માટે સૂચના આપી હતી. લોકોને બસ સ્ટેશન સ્વચ્છ રાખવા, જયાત્યા કચરો ફેંકવો નહિ, કચરા પેટીનો ઉપયોગ કરી તેમાં નાખવા, ગંદકી કરવી નહિ તેવી અપીલ કરવામાં આવી હતી.

# જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં રક્ષાબંધન પર્વને લઈને બજારોમાં રાખડીઓનો ખજાનો





જૂનાગઢતા.૨૫ જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રભરમાં આગામી રક્ષાબંધન પર્વને લઈને લોકોમાં ઉત્સાહ પ્રવર્તી રહેલ છે અને બહેન પોતાના વીરાને આશિર્વાદરૂપી રક્ષા પોટલી બાંધવા ઉત્સાહિત બની છે જેને લઈને રાખડીઓની ખરીદી કરવામાં આવી રહી છે. તો બીજી તરફ આ વર્ષે રક્ષાબંધન પર્વ અંગે મત-મતાંતરો પ્રવર્તી રહયા છે. અને રક્ષાબંધન પર્વ ક્યારે મનાવવું તે અંગે લોકોમાં અસમંજસ પ્રવર્તી રહી છે. જયારે વિદ્વાનો દ્વારા રક્ષાબંધન પર્વ અંગે સ્પષ્ટીકરણ પણ કરવામાં આવી રહેલ છે. દરમ્યાન જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રના વિવિધ શહેરોમાં રાખડીઓનો ખજાનો માર્કેટમાં જોવા મળી રહયો છે. મોંઘવારીના આ સમયમાં જેમ અન્ય ચીજવસ્તુઓના ભાવ વધ્યા છે તેમ આ વર્ષે રાખડીઓના ભાવમાં પણ વધારો જોવા મળી રહયો છે.

રક્ષાબંધનનું પર્વ સમગ્ર દેશમાં ઉમંગ અને ઉત્સાહથી ઉજવવામાં આવે છે. પૌરાણિકકાળથી જ રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવતી હતી. રક્ષાબંધન પર્વ એટલે બહેન અને ભાઈના નિર્મળ પ્રેમ એટલે કે લાગણીના સંબંધો અને હેતનું આ પર્વ છે. આ દિવસે બહેન પોતાના વીરાને રાખડી બાંધે છે, કુમકુમ તીલક કરે છે અને પોતાના ભાઈની સુખ સમૃધ્ધીની કામના કરે છે જયારે ભાઈ પણ બહેન પ્રત્યે ઋણ અદા કરવા કાયમ બહેનની સાર-સંભાળનું વચન આપે છે. રક્ષાબંધન પર્વને લઈને જૂનાગઢ, કેશોદ, વંથલી, બીલખા જીલ્લાના શહેરો ઉપરાંત અમરેલી, રાજકોટ, અમદાવાદ, સુરત, વડોદરા, ગાંધીનગર, મહેસાણા સહિતના અનેક શહેરોમાં અને ગ્રામ્ય વિસ્તારોમાં બજારોમાં રાખડીઓનું વેચાણ કરવામાં આવી રહયું છે. જૂનાગઢ શહેરના વિવિધ વિસ્તારોમાં પણ જાહેરમાર્ગો ઉપર પણ રાખડીઓનું વેચાણ થઈ રહયું છે. મહિલાઓની સંસ્થા દ્વારા પણ રાખડી વેચાણ માટેના સ્ટોલો શરૂ કરવામાં આવેલ છે. આ ઉપરાંત જુદા જુદા વિસ્તારોમાં આવેલા સીઝન સ્ટોર્સમાં પણ રાખડીઓનું વેચાણ થઈ રહયું છે. રૂા.૧૦ થી લઈને રૂા.૧૦૦ સુધીની અને તેનાથી પણ વધુ કિંમતની રાખડીઓ બજારમાં મળી રહી છે. રક્ષાબંધન પર્વને લઈ શહેર મુખ્ય બજાર એવી માંગનાથ રોડ ઉપર પણ ભારે રોનક જોવા મળી રહી છે અને ખરીદી માટે લોકોની ભારે ભીડ જામી રહી છે.

# જૂનાગઢ સહિત સોરઠપંથકમાં વ્યાપક જુગાર દરોડા : મહિલાઓ સહિત જુગારીઓને ઝડપી લેતી પોલીસ

જૂનાગઢતા.૨૫

જૂનાગઢના મધુરમ બાયપાસ કામદાર સોસાયટી નજીક જાહેરમાં જુગાર રમતા નિર્મળાબેન ઉર્ફે નીમુબેન લક્ષ્મીદાસ પંચનાભાઈ ટાંક, મુકતાબેન હમીરભાઈ છગનભાઈ નાકીયા, પાયલબેન ઉદયભાઈ ગુણવંતરાય ગોહેલ, દિવાળીબેન પ્રભુભાઈ કમેજીયા, પ્રભાબેન મનસુખભાઈ ભગવાનજીભાઈ વસંત, લક્ષ્મીબેન રાકેશભાઈ હરસુખભાઈ શેઠીયા, સીમાબેન રામચંદભાઈ સહેજરામ મોટવાણી, શાંતાબેન ભગુભાઈ બાપોદરા વગેરેને જાહેરમાં જુગાર રમતા ૧૧૬૪૦ના રોકડ મુદ્દામાલ સાથે ઝડપી લઈ જુગારધારા મુજબ કાર્યવાહી કરી છે.

આ ઉપરાંત મધુર ગેઈટ પાસે રાજપેલેસ એપાના બ્લોટ નં.૩૦૮માં જુગારધામ ચાલતું હોવાની બાતમીના આધાર સી ડીવીજન પોલીસે રેડ કરતા મકાન માલીક રમેશભાઈ રામભાઈ કારાવદરા, કનુભાઈ ટપુભાઈ રાઠોડ, વિજયભાઈ દિનેશભાઈ કાચા, મનીષાબેન મુકેશભાઈ દયાતર, ખમાબેન ઉર્ફે જરણાબેન બનેસંગભાઈ જાડેજા, દામીનીબેન મહેબુબભાઈ ધાણક, લીરીબેન રામભાઈ કારાવદરા, રીનાબેન મહેન્દ્રગીરી ગૌસ્વામી, લલીબેન રમેશભાઈ કારાવદરા વગેરેને ૩૨૬૦૦ રોકડ, મોબાઈલ મળી કુલ ૩૬૬૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ સી ડીવીઝન થાણે કાર્યવાહી કરી છે.

**લીંબુડા ગામે જુગાર દરોડો**

બાંટવા તાબેના લીંબુડા ગામે ઉકાભાઈ રામજીભાઈ રાઠોડ પોતાના રહેણાંક મકાનમાં જુગાર અખાડો ચલાવતો હોવાની બાતમીના આધારે બાંટવા પોલીસે રેડ કરતા મકાન માલીક સહિત વાલજીભાઈ ભીખાભાઈ વેગડા, દિનેશભાઈ દાનાભાઈ રાઠોડ, દિલીપભાઈ ડાયાભાઈ પરમાર રહે.તમામ લીંબુડાવાળાઓને જુગાર રમતા ૧૭૩૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ કાર્યવાહી કરી છે.

**જીંજુડાના ખાડીયા વિસ્તારમાંથી ૪ જુગારીઓ ઝડપાયા**

મેંદરડાના જીંજુડા ગામે ખાડી વિસ્તારમાં જાહેરમાં જુગાર રમતા રમેશભાઈ લાલજીભાઈ દેગામા, કપીલભાઈ જગદીશભાઈ કુબાવત, રાહુલભાઈ નુરદીનભાઈ કોટડીયા, પ્રવીણભાઈ નાગજીભાઈ મોવલીયાએ ૧૪૨૦ના રોકડ મુદ્દામાલ સાથે ઝડપી લઈ મેંદરડા પોલીસે કાર્યવાહી કરી છે.

**પીપળી ગામે જુગારધામ ઝડપાયું**

કેશોદ તાલુકાના પીપળી ગામે રહેતા પરસોતમભાઈ ગોપાલભાઈ ભાલોડીયાના રહેણાંક મકાનમાં જુગારધામ ચાલતું હોવાની બાતમીના આધારે કેશોદ પોલીસે દરોડા પાડતા મકાન માલીક પરસોતમભાઈ સહિત કમલેશભાઈ હરીભાઈ કાલરીયા, અંકીતભાઈ વિનોદભાઈ કાલરીયા, ભૌતિક અરવીંદભાઈ વણપરીયા, પ્રફુલભાઈ પ્રતાપભાઈ સોલંકી, ઠાકરશીભાઈ અંબાવીભાઈ ડઢાણીયા, વિરજીભાઈ ગોપાલભાઈ ભાલોડીયા, ગોપાલભાઈ રવજીભાઈ વણપરીયા, જગદીશભાઈ ગોપાલભાઈ ભાલોડીયાને જુગાર રમતા ૨૯૯૫૦ રોકડ, મોબાઈલ મળી કુલ ૫૪૯૫૦ના મુદ્દામાલ સાથે ઝડપી તમામ આરોપીઓ વિરૂધ્ધ કેશોદ થાણે કાર્યવાહી કરી છે.

**આજક ગામે જાહેરમાં જુગાર રમતા ૫ ઝડપાયા**

આજક ગામે તળાવની પાર ઉપર જાહેરમાં જુગાર રમતા ગીરીશભાઈ કુર્ણાશંકર પંડયા, મેરખીભાઈ ગીગાભાઈ ડાકી, જુમાભાઈ મુસાભાઈ દલ, હરદાસભાઈ મેઘાભાઈ કાથડ, વિજયભાઈ ઉર્ફે ભકો ભોજાભાઈ ચુડાસમાને ૧૧૭૪૦ રોકડ સહિત કુલ ૧૩૨૪૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ શીલ થાણે જુગારધારા મુજબ કાર્યવાહી કરી છે.

**સામરડા ગામે જુગાર દરોડો : ૬ ઝડપાયા**

શીલ તાબેના સામરડા ગામે જાહેરમાં જુગાર રમતા દીનેશભાઈ માલદેભાઈ ભુતીયા, હરસુખભાઈ રામાભાઈ માવદીયા, મુકેશભાઈ રામાભાઈ માવદીયા, રતીલાલ સોમાભાઈ માવદીયા, સુરેશભાઈ બાબુભાઈ આત્રોલીયા, હરીભાઈ દેવાભાઈ માવદીયા વગેરેનો કુલ ૧૦૨૪૦ના રોકડ મુદ્દામાલ સાથે ઝડપી લઈ શીલ થાણે કાર્યવાહી કરી છે.

**ભંડુરી ગામે જાહેરમાં જુગાર રમતા ૩ ઝડપાયા**

ભંડુરી ગામે જાહેરમાં જુગાર રમતા અરવીંદભાઈ અમરશીભાઈ સોલંકી, ઉમેશભાઈ રમેશભાઈ પરમાર, રાજેશભાઈ રમેશભાઈ પરમારે જાહેરમાં જુગાર રમતા ૪૧૬૦ના રોકડ મુદ્દામાલ સાથે ઝડપી લઈ માળીયાહાટીના થાણે જુગારધારા મુજબ કાર્યવાહી કરી છે.

# શ્રી સ્વામિનારાયણ સુવર્ણ મુખ્યમંદિર જૂનાગઢમાં રામાયણની કથાનું આયોજન

(પ્રતિનિધી દ્વારા)

જૂનાગઢ તા.૨૫

પવિત્ર શ્રાવણ માસ ચાલી રહયો છે ત્યારે ઠેર ઠેર શિવપુજન ચાલી રહયા છે અને સૌ કોઈ પોત પોતાની રીતે ભક્તિમય બની રહયું છે. શ્રી સ્વામિનારાયણમંદિર જૂનાગઢ દ્વારા પવિત્ર પુરૂષોતમ માસ અને શ્રાવણ માસમાં શ્રીમદ ભાગવત પારાયણ તેમજ વિવિધ ભક્તિસભર કાર્યક્રમોનું આયોજન ચાલી રહયું છે. ત્યારે આજ તા.૨૫-૮-૨૦૨૩થી તા.૩૧-૮-૨૦૨૩ દરમ્યાન બપોરે ૪ વાગ્યાથી સાંજે ૭ વાગ્યા સુધી શ્રી રામચરિત માનસ(રામાણ)ની કથાનું આયોજન કરવામાં આવેલ છે. આ કથામાં પ્રભુશ્રી રામચંદ્રજીના ચરિત્રો તેમજ ગૃહસ્થજીવનના વિવિધ પાત્રો જેવા કે ગુરૂ-શિષ્ય, પિતા-પુત્ર, પતિ-પત્ની, ભાઈ-મિત્રો, સાસુ-વહુ તેમજ રાજા-પ્રજા વગેરેને રામાયણમાંથી જીવનરીતિના પાઠો શીખવા મળે છે. શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ જૂનાગઢનાં પુરાણીશ્રી નંદકિશોરજી સ્વામી આ પવિત્ર કથાનું ભકતજનોને રસપાન કરાવશે. ભકતહૃદય જૂનાગઢની જાહેર જનતાને પવિત્ર શ્રાવણ માસમાં આ કથાનું શ્રવણ કરવા માટે શ્રી સ્વામિનારાયણમંદિર જૂનાગઢ ચેરમેનશ્રી, વહીવટી સમિતિ તેમજ શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ જૂનાગઢ હાર્દિક નિમંત્રણ પાઠવે છે.

# જૂનાગઢમાંથી નશાકારક સીરપની બોટલોના જથ્થા સાથે બે શખ્સોને ઝડપી લેતી એસઓજી પોલીસ



જૂનાગઢતા.૨૫

જૂનાગઢ શહેર વિસ્તારમાંથી ચોકકસ બાતમીના આધારે એસઓજી પોલીસે બે શખ્સોને કોડેઈન કફ સીરપની બોટલો સાથે ઝડપી લઈ તેમના વિરૂધ્ધ એનડીપીએસ એકટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવેલ છે.

આ બનાવ અંગે એસઓજીએ આપેલી વિગત અનુસાર જૂનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયાની સુચના અને જીલ્લા પોલીસવડા હર્ષદ મહેતાની સુચના અને માર્ગદર્શન હેઠળ જીલ્લામાં નશીલા પદાર્થોની બદી નેસ્તનાબુદ કરવા કડક પગલા ભરવાના આદેશને પગલે જૂનાગઢ એસઓજી પોલીસ, એલસીબી પોલીસ વગેરે દ્વારા સતત કાર્યવાહી કરવામાં આવી રહી છે આ દરમ્યાન ગઈકાલે એલસીબીના પીઆઈ જે.જે.પટેલ અને એસઓજીના પીઆઈ એ.એમ.ગોહિલને ખાનગી રાહે ચોકકસ બાતમી મળી હતી કે, હોન્ડા એકટીવા નં.જીજે-૧૧-સીએમ-૪૬૦૭માં જૂનાગઢના રહેવાસી ફરહાન ફીરોજભાઈ મલેક તથા સોયબ બોદુભાઈ ઠેબા બંને નશાકારક કેફી બોટલોનો જથ્થો લઈ ધારાગઢ દરવાજા પાસેથી પસાર થનાર છે તેવી મળેલી બાતમીના આધારે એસઓજીની ટીમ તપાસમાં ગોઠવાઈ હતી આ દરમ્યાન ઉપરની હકીકતવાળા નંબરવાળી મોપેડ આવતા તેમાં બેઠેલા બે ઈસમોને રોકી તેમને પકડી પાડવામાં આવેલ અને તેમની પાસેથે ગેરકાયદેસર પાસ પરમીટ કે ડોકટરના પ્રિસ્ક્રીપ્શન કે આધાર પુરાવા વગર નશાકારક કોડેઈન ફોસ્ફેટ ધરાવતા કફ સીરપની કુલ ૧૮૯ બોટલ રૂા.૩૫૭૬૦ તથા મોબાઈલ ફોન-૨, સુઝુકી એકસેસ મોપેડ વગેરે મળી કુલ ૯૫૭૬૦નો મુદ્દામાલ જપ્ત કરેલ છે. વધુમાં નશાકારક સીરપનો આ જથ્થો હાજર નહી મળી આવેલ શીખર મેડીકલ સ્ટોરવાળા રફીકભાઈ તેમજ સકીત મેડીકલ સ્ટોર દોલતપરાવાળા વિક્રમભાઈ પાસેથી મેળવ્યો હોવાનુ ખુલ્યું હતું આમ પકડાયેલા બંને શખ્સો આરોપી સોયમ બોદુભાઈ ઠેબા, ફરહાન ફીરોઝભાઈ મલેક તેમજ અન્ય બે મળી કુલ ચાર શખ્સો વિરૂધ્ધ એનડીપીએસ અંતર્ગત ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. આ કામગીરીમાં એસઓજી પીઆઈ એ.એમ.ગોહિલ, એએસઆઈ એમ.વી.કુવાડીયા, પોલીસ હેડ કોન્સ્ટેબલ અનિરૂધ્ધસિંહ વાંક, પ્રતાપભાઈ શેખવા, રવીભાઈ ખેર, પરેશભાઈ ચાવડા, જયેશભાઈ બકોત્રા, બાબુભાઈ કોડીયાતર, પોલીસ કોન્સ્ટેબલ બાલુભાઈ બાલસ, વિશાલ ડાંગર, રાજુભાઈ ભેડા સહિતના સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

# જૂનાગઢમાં આવેલા ગેસ્ટ હાઉસ સંચાલક સામે ગુનો નોંધાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢતા.૨૫

મુસાફરોની વેબ પોર્ટલમાં એન્ટ્રી નહીં કરનાર ગેસ્ટહાઉસ સંચાલક સામે એસઓજી ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. આ બનાવ અંગે પોલીસમાંથી મળતી વિગત અનુસાર શહેરમાં એસપી હર્ષદ મહેતાની સુચનાથી એસઓજીના પીઆઈ એ. એમ. ગોહીલ સહિતના સ્ટાફ દ્વારા હોટેલ તેમજ ગેસ્ટહાઉસ વગેરેનું ચેકીંગ કરવામાં આવ્યું હતું. દરમ્યાન ચિતાખાના ચોક પાસેના રાજ ગેસ્ટહાઉસમાં ચેકીંગ કરીને મુસાફરોની પથીક વેબ પોર્ટલમાં એન્ટ્રી કરવામાં ન આવી હોવાનું જણાયું હતું. જે બાબતે ગેસ્ટહાઉસના સંચાલન શકીલ હાસમભાઈ મન્સુર વિરૂધ્ધ એ-ડિવીઝન પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાયો હતો. ગુનો દાખલ કરી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

**વધુ એક મકાન માલિક સામે ગુન્હો દાખલ**

આ ઉપરાંત એસઓજીની ટીમ જૂનાગઢ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન જૂનાગઢ હેઠાણફળીયા, દાણાપીઠ સામે પહોંચતા એવી હકીકત મળેલ કે દાણાપીઠ વિસ્તારમાં રહેતા રહીમ હાસમભાઈ જારીયાએ રાજય બહારના વ્યકિતઓને મકાન ભાડે આપેલ છે જેની જાણ સ્થાનિક પોલીસ સ્ટેશને કરેલ છે કે કેમ તે બાબતે સ્થાનીક પોલીસ સ્ટેશન ખાતે વેરીફાય કરાવતા તેઓએ આ અંગે જાણ કરેલ ન હોય. એસઓજીની ટીમે ઉપરોકત મકાન પહોંચી તપાસ હાથ ધરતા કુલ ૧૨ ઈસ્મો મળી આવ્યા હતા. આ બનાવ અંગે મકાન માલીક રહીમ હાસમભાઈ જારીયા વિરૂધ્ધ જાહેરનામા ભંગનો ગુનો દાખલ કરવામાં આવેલ છે.

## પરબધામના મહંત કરશનદાસ બાપુએ ચંદ્રયાન-૩ની સફળતા બદલ ઈશરોના વૈજ્ઞાનિકોને બિરદાવ્યા



(રેનિશ મહેતા દ્વારા)

ભેસાણ તા.૨૫

ભારતનું ત્રીજું ચંદ્ર મિશન ચંદ્રની સપાટી ઉપર સફળતાપૂર્વક લેન્ડ થતાં જ ભારતની સ્પેસ એજન્સી ઈસરો ઉપર દુનિયામાંથી અભિનંદન વરસાદ થઈ હતી. ત્યારે પરબધામના મહંત પૂજ્ય કરશનદાસ બાપુએ પણ ઈશ્વરની સમગ્ર ટીમને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા. આ અંગે પરબધામના મહંત પૂજ્ય કરશનદાસ બાપુએ ભારતને ચંદ્રની સપાટી ઉપર સોફ્ટ લેન્ડિંગ કરનાર ચોથો દેશ બનવા બદલ સમગ્ર દેશવાસીઓને શુભ આશિષ પાઠવ્યા હતા. પૂજ્ય કરશનદાસ બાપુએ કલ્પનીય અને અદતીય સિદ્ધિ અપાવવા બદલ ઈશ્વરની ટીમના મુખ્ય ડાયરેક્ટર એસ. સોમનાથ અને દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ઈચ્છાશક્તિને બિરદાવીને અભિનંદન પાઠવ્યા છે અને હજુ પણ આ ક્ષેત્રે તેઓને ઉત્તરોત્તર સિદ્ધિ પ્રાપ્ત થાય તેવા આશીર્વાદ પાઠવ્યા હતા.

### માધવ ક્રેડિટ કો. સોસાયટીએ ચંદ્રયાન-૩ની સફળતાની ઉજવણી કરી



જૂનાગઢ તા.૨૫

ચંદ્રયાન-૩ની સફળતાની ઉજવણીના ભાગરૂપે સંસ્થા કાર્યાલયે કમિટી મેમ્બર તથા સ્ટાફ દ્વારા ભારતમાતા પૂજન કરવામાં આવ્યું હતું તેમજ ઉપસ્થિત સૌ નાગરિકોના મોં મીઠું કરી દેશના વિજ્ઞાનિકોને અભિનંદન પાઠવ્યા હતા.

## જૂનાગઢ પરિણીત યુવતીના આપઘાત અંગે સાસરીયા વિરૂધ્ધ ફરીયાદ

જૂનાગઢતા.૨૫

જૂનાગઢમાં પરિણીત યુવતીના આપઘાતના બનાવ પાછળ તેમના સાસરીયા તરફથી ત્રાસ આપીને મરવા માટે મજબુર કરવા અંગેની ફરીયાદ પોલીસમાં નોંધાઈ છે.

આ બનાવ અંગે એ ડીવીઝન પોલીસે આપેલી વિગત અનુસાર પ્રિયંકાબેન ડોટર ઓફ પદમભાઈ જાતે-નેપાલી (ઉ.વ.૨૦) રહે.બી-૫૪, જયોતી ઈસ્ટ લેમીંગટન રોડ, ગ્રેટ હોટેલની પાસે મુંબઈ અને હાલ રહે.કર્ણાટકવાળાએ સુમીતભાઈ હરેશભાઈ ચંદ્રવંશી, ગીતાબેન હરેશભાઈ ચંદ્રવંશી, અંજલીબેન હરેશભાઈ ચંદ્રવંશી વિરૂધ્ધ નોંધાવેલ ફરીયાદમાં જણાવેલ છે કે, ફરીયાદીની બેનના લગ્ન પછી ઘરના કામકાજ માટે તેના પતિ, સાસુ તથા નણંદ દ્વારા મેણા ટોણા મારી મારકુટ કરી માનસીક દુઃખ ત્રાસ આપી મરવા માટે મજબુર કર્યાની ફરીયાદ પોલીસમાં નોંધાવતા એ ડીવીઝન પોલીસે આરોપી વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


## જૂનાગઢમાં વેચવાનું છે

(૧) ડો. જસાણીનું ચાર માળનું દવાખાનું, પોસ્ટ ઓફીસ રોડ

(૨) ગાંધીગ્રામ પોસ્ટ ઓફીસ પાસે ૫૦૦વારની જગ્યા, ૮ રૂમવાળી બેંકને લાયક વેચવાની છે.

(૩) ગાંધીગ્રામ કોન્વેન્ટ સ્કુલ સામે ૫૦૦ વારમાં ૧૦ દુકાનો, આઠ રૂમ વાળો બંગલો

(૪) દુકાન, મકાન, ફલેટ, જમીન લેવા-વેચવા માટે મળો.

(૫) ૩૨૦૦૦ ચાલેલી એસેન્ટ ગાડી

(૬) ગાંધીગ્રામમાં કોન્વેન્ટ સ્કુલ સામે આમ્રપાલી એપાર્ટમેન્ટમાં બીજા માળે ફલેટ વેચવાનો છે.

(૭) તળાવ દરવાજા વિસ્તારમાં ગોલ્ડન-લેક માં **3 BHK** વ્યાજબી ભાવમાં ફલેટ વેચવાનો છે..

(૮) માંગનાથ રોડ ઉપર ૧૫૫૦ સ્કવેર ફૂટ વાળો શોરૂમ તદન વ્યાજબી ભાવમાં વેચવાનો છે. ગેલેક્સી સાઈકલ ની બાજુમાં...

**સંપર્ક : મો. ૮૧૫૬૦ ૧૯૯૯૯**

## ૐ નેચર કયોર સેન્ટર
**ડો. સી.ડી. ઓઝા**

**તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે**

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બાસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

**દરરોજ સાંજે ૭ થી ૮**
**નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)**

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

## ઓફર...ઓફર...
M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.




**બીના ઈલેક્ટ્રોનિક્સ**

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.પી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.